RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 09-10-2026 I VOL : 12 I Issue : 204 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

મન મજબૂત હોય તો પરિસ્થિતિ નબળી પડી જાય છે.

3



ડભોઇની જીવાદોરી સમાન મુખ્ય ચોકડીઓ ઉપર રાત્રે સર્જાય છે ભયાનક...

4



જ્ઞાનેશકુમાર તો નરેન્દ્ર મોદીથી પણ ચાર કદમ આગળ નીકળી ગયા!

6



દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું 75 વર્ષની વયે નિધન

7



આંખો સાથે છેલ્લી મેચમાં લિયોનેલ મેસીનું સ્ટાર પરફોર્મન્સ

## રાહુલ ગાંધીએ 300 સાંસદોને અટકાવવા બદલ પોલીસ પર સવાલ ઉઠાવ્યા

# PM મોદી અને જ્ઞાનેશ કુમાર સામે કાર્યવાહી થશે જ, આ મારી ગેરંટી: ત્રીજા દિવસે રાહુલ ગાંધીના ધરણાં

નવી દિલ્હી

દેશમાં ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને I.N.D.I.A. બ્લોકનું વિરોધ પ્રદર્શન સતત ત્રીજા દિવસે વધુ ઉગ્ર બન્યું છે. ગુરુવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ નવી દિલ્હીના કનોટ પ્લેસ સ્થિત મોએટ્સ ખાતે વિપક્ષી નેતાઓ માટે લંચ બેઠકનું આયોજન કર્યું હતું. બેઠક બાદ તમામ વિપક્ષી સાંસદો બસોમાં સવાર થઈને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્મારક રાજઘાટ શાંતિપૂર્ણ ધરણાં કરવા માટે રવાના થયા છે. રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે વિપક્ષી નેતાઓ ગાંધી સ્મારક પર બેસીને દેશહિત માટે પ્રાર્થના કરશે. અમે ગાંધી સ્મારક પર બેસીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ માટે પ્રાર્થના કરીશું કે તેમને એ વાતનો અહેસાસ થાય કે તેમના કાર્યો દેશના હિતમાં નથી. મહાત્મા ગાંધી, પંડિત નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલે જે આઝાદી અને લોકતાંત્રિક અધિકારો અપાવ્યા હતા.



### ખડગેનો કટાક્ષ: મોદી અને અમિત શાહને સદ્બુદ્ધિ મળે તે માટે પ્રાર્થના કરીશું

રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે વિપક્ષી નેતાઓ ગાંધી સ્મારક પર બેસીને દેશહિત માટે પ્રાર્થના કરશે. અમે ગાંધી સ્મારક પર બેસીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ માટે પ્રાર્થના કરીશું કે તેમને એ વાતનો અહેસાસ થાય કે તેમના કાર્યો દેશના હિતમાં નથી. મહાત્મા ગાંધી, પંડિત નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલે જે આઝાદી અને લોકતાંત્રિક અધિકારો અપાવ્યા હતા, તેને આ સરકાર છીનવી રહી છે.

## વોટ ચોરી વિવાદમાં ભાજપના જ પીઢ નેતાના નિવેદનથી મોદી સરકાર ઘેરાઈ

નવી દિલ્હી

નવી દિલ્હીમાં 21મા ફિક્કી હાયર એજ્યુકેશન સમિટ 2026માં ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોષીએ લોકશાહી, ચૂંટણી પંચ, વિદ્યાર્થી આંદોલન અને નવી શિક્ષણ નીતિ પર સચોટ વાત કરી. તેમણે નિષ્પક્ષ ચૂંટણીઓ અને બંધારણના પાલનને લોકશાહી માટે અનિવાર્ય ગણાવ્યું. જોષીએ વિદ્યાર્થીઓના પ્રદર્શનો પર લાઠીચાર્જને બદલે તેમની વાત સંવેદનશીલતાથી સાંભળવા પર ભાર મૂક્યો. ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ અને વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોષીએ નવી દિલ્હીમાં યોજાયેલા 21મા ફિક્કી હાયર એજ્યુકેશન સમિટ 2026 દરમિયાન લોકશાહી, ચૂંટણી પંચ, વિદ્યાર્થીઓના આંદોલન અને નવી શિક્ષણ નીતિ અંગે ખુલીને વાત કરી છે. તેમણે જણાવ્યું કે સાચી લોકશાહી ટકાવી



રાખવા માટે ચૂંટણીઓ નિષ્પક્ષ રીતે યોજાવી ખૂબ જ અનિવાર્ય છે.ચૂંટણી પંચની કામગીરી અને વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ અંગે વાત કરતાં મુરલી મનોહર જોષીએ કહ્યું કે, 'લોકશાહીની સફળતા માટે નિષ્પક્ષ ચૂંટણીઓ, જવાબદાર સરકારો અને પારદર્શક વહીવટી તંત્ર હોવું જરૂરી છે. જો લોકશાહીમાં ક્યાંય પણ બંધારણનો ઉલ્લંઘન થતો હોય, તો સુપ્રીમ કોર્ટે તેમાં દખલ કરવી જોઈએ.

### વડાપ્રધાન મોદીએ કહ્યું- બેંક, હોસ્પિટલ, સરકારી કચેરીઓ લોકોના ફોનમાં

નવી દિલ્હી

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના આજે બીજા દિવસે પીએમ મોદીએ કહ્યું, 'આજે સરકારની સેંકડો સેવાઓ મોબાઈલ પર થાય છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા લાભાર્થીને નાણાં સીધા લોકોના ખાતામાં જઈ રહ્યાં છે. 5 લાખ કરોડ રૂપિયા ખોટા હાથોમાં જતાં બચ્યા છે.' તેમણે કહ્યું, 'દેશના ખૂણે-ખૂણે 5G કનેક્ટિવિટી, અગાઉ ડિજિટલ ડિવાઇડ એક પડકાર હતો. ડેટા-ફોન સસ્તા કેવી રીતે થયા, ભારતના ફોકસને સમજશો તો ખબર પડશે.' તેમણે કહ્યું કે 2022માં આ જ મંચ પરથી અમે દેશમાં 5Gની શરૂઆત કરી હતી.

## બેંગલુરુમાં CJPનું આંદોલન: પ્રકાશ રાજે કહ્યું- PMના ઈશારે કામ કરે છે જ્ઞાનેશ કુમાર, SIR બંધ કરો

બેંગલુરુ

બેંગલુરુના ફ્રીડમ પાર્કમાં 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) અને નાગરિક સંગઠનોએ 'જનતાની અદાલત' યોજી. ચૂંટણી પંચની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા સામે વિરોધ કરતાં, અભિજિત દીપકે, ધ્રુવ રાઠી અને પ્રકાશ રાજે ગંભીર સવાલો ઉઠાવ્યા. તેમણે SIR પ્રક્રિયા રદ કરવા અને લોકશાહીના રક્ષણની માંગ કરી. આંદોલનકારીઓએ 'ચપ્પલ પ્રોટેસ્ટ' પણ કર્યો. ચૂંટણી પંચ અને મતદાર યાદીઓની ચકાસણી માટે ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) પ્રક્રિયા સામે બેંગલુરુના ફ્રીડમ



પાર્કમાં નાગરિક સંગઠનો અને 'કોકરોચ જનતા પાર્ટી'(CJP) દ્વારા ગુરુવારે 'જનતાની અદાલત' કાર્યક્રમ યોજાયો હતો. આ વિરોધ પ્રદર્શનમાં સામેલ અનેક દિગ્ગજોએ ચૂંટણી પંચની ભૂમિકા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા અને SIR પ્રક્રિયાને તાત્કાલિક રદ કરવાની માંગ કરી હતી. સંગઠનના સંસ્થાપક અભિજિત દીપકે(Abhijeet Dipke)એ આરોપ લગાવ્યો કે, 'દેશમાં લોકશાહીનું હનન થઈ રહ્યું છે અને મત ચોરી કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયાને કારણે લોકતાંત્રિક અધિકારો અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સામે મોટો ખતરો ઊભો થયો છે. દેશભરમાંથી CJPના કાર્યકરોને અટકાયતમાં લેવામાં આવી રહ્યા હોવા છતાં લોકોનો રોષ વધુ વ્યાપક બનશે.'

# અમદાવાદની IKDRC હોસ્પિટલમાં કરોડોનું કૌભાંડ અને આરોગ્ય મંત્રી-સચિવ દ્વારા કૌભાંડીઓને છાવરવાનો પર્દાફાશ!

અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી અને કરોડો દર્દીઓની આશાનું કેન્દ્ર ગણાતી અતિ પ્રતિષ્ઠિત IKDRC (ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીઝીઝ એન્ડ રીસર્ચ સેન્ટર) હોસ્પિટલ આજે ખુદ અનિયમિતતા અને ભ્રષ્ટાચારના રોગથી પીડાઈ રહી છે. સંસ્થાના ઉચ્ચ વહીવટી અધિકારીઓએ સરકારી કાયદાઓ, બંધારણીય નિયમો અને નાણાકીય શિસ્તના ધજાગરા ઉડાવીને જે નાણાકીય અને બેકડોર ભરતી કૌભાંડ આચર્યું છે, તેણે ગુજરાતના આરોગ્ય વિભાગની આબરૂ ધૂળમાં મેળવી દીધી છે! સૌથી શરમજનક બાબત તો એ છે કે ગુજરાતના આરોગ્ય મંત્રી અને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ (ACS) ખુદ આ તમામ ગેરરીતિઓ જાણવા છતાં આ ભ્રષ્ટાચારીઓને છાવરી રહ્યા છે અને તેમને બચાવવા માટે રક્ષક બન્યા છે!

### 1. આરોગ્ય મંત્રી અને આરોગ્ય સચિવનું રહસ્યમય મૌન અને કૌભાંડીઓને 'સાચવવાનો' ખેલ

ફરિયાદી દ્વારા પુરાવાઓ સાથે વારંવાર લેખિત રજૂઆતો કરવા છતાં, ખુદ આરોગ્ય મંત્રી સાહેબ અને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ કક્ષાએથી કોઈ જ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. આટલા મોટા દસ્તાવેજી પુરાવા અને CAG (મહાલેખાકાર) ના સ્પષ્ટ ઓબ્જેક્શન હોવા છતાં જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાને બદલે તેમને છાવરવામાં આવી રહ્યા છે. આ સાબિત કરે છે કે ગાંધીનગરના બેઠેલા આ શીર્ષસ્થ અધિકારીઓ અને મંત્રીશ્રીની મિલીભગત વગર આટલું મોટું કૌભાંડ ચાલવું અશક્ય છે.

### 2. CAG નો સનસનાટીભર્યો રિપોર્ટ: "ભૂતકાળની મહેરબાની" અને લાખોના પગારના ખેલ!

દેશની સર્વોચ્ચ ઓડિટ સંસ્થા CAG (રાજકોટ) ના ઓડિટ રિપોર્ટ Para 1 (OBS-2464239) માં જે ખુલાસા થયા છે તે કોઈ ફિલ્મી પટકથાથી કમ નથી:

૨૦૨૪માં ચાર્જ અને ૨૦૧૦થી ફાયદો: સંસ્થાનો ચાર્જ વર્ષ ૨૦૨૪માં સંભાળનાર ઈનચાર્જ ડિરેક્ટર ડૉ. પ્રાંજલ મોદી એ પોતાના ખાસ અને વગદાર માણસો પર એવું તો હેત વરસાવ્યું કે ડ્રાઈવર જયેન્દ્રસિંહ B. દરબારને સીધા વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૬ની બેક-ડેટ ઈફેક્ટ આપીને ૨૦૨૪માં કાયમી કરી દીધા!

માત્ર ૩ મહિનામાં પગારના આંકડા બદલાયા: એક જ કર્મચારીના માસિક પગારમાં થયેલી હેરાફેરી આંખ ઉઘાડનારી છે:

જુલાઈ ૨૦૨૪: ૩૬,૮૯૦/-
ઓગસ્ટ ૨૦૨૪: ૭૩,૭૭૮/-
સપ્ટેમ્બર ૨૦૨૪: ૫૫,૩૩૪/-

કોઈ સરકારી મંજૂરી નહીં: CAG એ સ્પષ્ટ કર્યું છે કે આ પ્રકારના કોઈ નિયમો કે નાણાકીય મંજૂરી વિના પબ્લિક મનીના આંધણ કરવામાં આવ્યા છે. હોસ્પિટલની 'સ્વભંડોળ' ની દલીલને CAG એ સદંતર ફગાવી દીધી છે.

### 3. કલેક્ટર સમક્ષ હાસ્યાસ્પદ અને લૂલા જવાબો!





મુખ્યમંત્રી કાર્યાલય (SWAGAT) ના આદેશથી જ્યારે જિલ્લા કલેક્ટર કચેરીએ ખુલાસો માંગ્યો, ત્યારે IKDRC ના નિયામકે બચવા માટે એવા હાસ્યાસ્પદ બહાનાં આગળ ધર્યા કે સાંભળીને શરમ આવે:

ડ્રાઈવરોની ભરતી માટે અંગ પ્રત્યારોપણ (SOTTO) નું મોટું બહાનું ધરવામાં આવ્યું.

અન્ય કર્મચારીઓમાં અસમાનતા ન ફેલાય તે માટે આ મોટા પગાર આપ્યા હોવાની વાહીયાત દલીલ કરાઈ, જેને ઓડિટ ટીમે સખત શબ્દોમાં નકારી કાઢી છે.

### 4. વગદારો માટે VIP જલસા અને પાયાના કર્મચારીઓ પર અન્યાયની કુહાડી

સરકારી ઠરાવના લીરેલીરા: સરકારના આરોગ્ય વિભાગના તા. ૧૩/૦૯/૨૦૨૨ ના સ્પષ્ટ ઠરાવ મુજબ ડ્રાઈવરની જગ્યાઓ માત્ર આઉટસોર્સિંગથી ૧૧ માસના કરાર પર અને ફિક્સ ૧૧,૦ ના માસિક વેતનથી જ ભરી શકાય. છતાં નિયમોને નેવે મૂકીને જયેન્દ્રસિંહ દરબારને આશરે ૫૯,૪૬૦/- અને વીરભદ્રસિંહ ચૌહાણને આશરે ૬૨,૫૮૦/- નો માસિક VIP પગાર આપવાનું શરૂ કરી દેવાયું!

સદવિચારના અસલી સિનિયરો રસ્તા પર: જે 'સદવિચાર એમ્બ્યુલન્સ સેવા' માંથી આ લોકોને બતાવાયા છે, ત્યાં આનાથીયે અનેક વર્ષો જૂના, સિનિયર અને પ્રમાણિક સિક્યુરિટી અને ડ્રાઈવરો નોકરી કરી રહ્યા હતા, જેમને સાઈડલાઈન કરીને માત્ર અધિકારીઓની ગાડી ચલાવતા અંગત માનીતાઓને પાછલા બારણેથી ઘૂસાડી દેવાયા.

ગરીબ 'આરોગ્ય મિત્રો' પર હિટલરશાહી: પાંચ વર્ષ સુધી ઈમાનદારીથી નિયમો મુજબ ફરજ બજાવનારા ગરીબ 'આરોગ્ય મિત્રો' ને એક જ ઝાટકે કોઈપણ નોટિસ વગર રસ્તા પર બેકાર ફેંકી દેવાયા, જ્યારે વગદારો સરકારી તિજોરી પર મઝા કરી રહ્યા છે.

### ઘાતક સવાલો અને આખરી ચેતવણી:

આરોગ્ય મંત્રી અને આરોગ્ય સચિવ કૌભાંડીઓને કેમ છાવરી રહ્યા છે? શું આ કૌભાંડમાં ઉપરથી લઈને નીચે સુધીના તમામ મોટા અધિકારીઓની મિલીભગત છે?

ડૉ. પ્રાંજલ મોદી અને ડૉ. વિરેન ત્રિવેદી ની જોહુકમી સામે સરકાર ક્યારે લાલ આંખ કરશે?

### મુખ્ય માંગણી:

આરોગ્ય મંત્રી અને અગ્ર સચિવ સાહેબ પોતાનું મૌન તોડે, આ ગેરકાયદેસર નિમણૂકો તાત્કાલિક રદ થાય, જવાબદાર અધિકારીઓ સામે કડક શિસ્તભંગ અને ફોજદારી પગલાં લેવાય તથા વગદારોએ લૂંટેલા જાહેર જનતાના નાણાં વ્યાજ સાથે પાછા વસૂલવામાં આવે. જો સરકાર અને મંત્રીશ્રી આ ભ્રષ્ટાચારને છાવરવાનું બંધ નહીં કરે, તો આ મામલે ઉગ્ર જનઆંદોલન ફાટી નીકળશે!

### એક નજર...

**રિદ્ધિમા પંડિતનો બેકલેસ આઉટફિટમાં કિલર લુક**



'ખતરોં કે ખિલાડી 9' અને 'બિગ બૉસ ઓટીટી' જેવા રિયાલિટી શૉનો ભાગ રહી ચૂકેલી રિદ્ધિમા પંડિતનું તાજેતરનું ફોટોશૂટ વાયરલ થઈ રહ્યું છે. આ તસવીરોમાં અભિનેત્રી ખૂબ જ સુંદર લાગી રહી છે. વાયરલ થયેલી તસવીરમાં રિદ્ધિમા પંડિત વાદળી અને સફેદ રંગના સ્ટાઈલિશ સ્ટ્રાઈપ્ડ બેકલેસ આઉટફિટમાં ખૂબ જ ગ્લેમરસ અને સુંદર દેખાઈ રહી છે.

### NEWS TRACK

#### ઈલોન મસ્કે દેશના મોટા ઉદ્યોગપતિઓ પર ભારતમાં સ્ટારલિંકને રોકવાનો આરોપ લગાવતા ખળભળાટ મચ્યો

ભારત સરકારે ઈલોન મસ્કના તે આરોપોને ફગાવી દીધા છે, જેમાં તેમણે દાવો કર્યો હતો કે કેટલાક ભારતીય ઉદ્યોગપતિઓ એકાધિકાર જાળવી રાખવા માટે સ્ટારલિંકને ભારતમાં આવવા નથી દેતા. સરકારે આજે એટલે કે 8 ઑક્ટોબરે કહ્યું કે દેશમાં સેટેલાઈટ કમ્યુનિકેશન સેવાઓ માટે નક્કી કરાયેલા નિયમો સૌ માટે એકસરખા છે. નિયમો કોઈની સાથે ભેદભાવ કરવા માટે લાગુ કરવામાં આવી રહ્યા છે એવું કહેવું બિલકુલ ખોટું છે. મસ્કે ભેદભાવનો આરોપ લગાવ્યો હતો વિશ્વના સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્કે દેશના મોટા ઉદ્યોગપતિઓ પર ભારતમાં સ્ટારલિંકને રોકવાનો આરોપ લગાવ્યો છે. મસ્કે X પર પોસ્ટ કરીને લખ્યું, 'ભારતના કેટલાક મોટા બિઝનેસમેન નથી ઈચ્છતા કે સ્ટારલિંકનું સેટેલાઈટ ઈન્ટરનેટ ભારતમાં આવે, જેથી તેમનું એકહથ્થુ રાજ જળવાઈ રહે. તમે અંદાજ લગાવી શકો છો કે તેઓ કોણ છે' મસ્કે પોસ્ટમાં એ પણ લખ્યું કે આ ભારતના લોકો સામેનો એક ગુનો છે. મસ્કે કોઈ કંપની કે ઉદ્યોગપતિનું નામ તો લીધું નથી, પરંતુ તેમની પોસ્ટથી ભારતીય ટેલિકોમ કંપનીઓ વચ્ચે ચર્ચા છેડાઈ ગઈ છે.

#### 2026નો સાહિત્ય નોબેલ કેનેડિયન લેખિકા એન કાર્સનને મળ્યો: ગ્રીક-રોમન સાહિત્યને આધુનિક દુનિયા સાથે જોડ્યું

કેનેડાના લેખિકા અને કવયિત્રી એન કાર્સનને 2026નો સાહિત્ય નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો છે. નોબેલ સમિતિએ તેમને એવી રચનાઓ માટે સન્માનિત કર્યા છે, જેમાં તેમણે પ્રાચીન ગ્રીક-રોમન સાહિત્યને આજની જિંદગી, પ્રેમ, સંબંધો અને દુઃખ સાથે જોડ્યું. નોબેલ સમિતિએ કહ્યું કે કાર્સનની વિશેષતા એ છે કે તેઓ જૂની વાર્તાઓને માત્ર ફરીથી નથી લખતા, પરંતુ તેમાં પોતાની કલ્પના અને આજની જિંદગીની ભાવનાઓ ઉમેરી દે છે. તેમની રચનાઓમાં કવિતા, વાર્તા અને નિબંધની સરહદો પણ કેટલીય વાર સમાપ્ત થઈ જાય છે. આ જ કારણ છે કે તેમનું લેખન બાકીના લેખકોથી ઘણું અલગ નજરે પડે છે. કાર્સનનો જન્મ 1950માં કેનેડાના ટોરોન્ટોમાં થયો હતો. તેમણે પ્રાચીન ગ્રીક અને રોમન સાહિત્યનો અભ્યાસ કર્યો. 1981માં તેમણે આ જ વિષય પર પોતાની ડોક્ટરેટની થીસીસ પ્રકાશિત કરી હતી. કાર્સનના ચર્ચિત પુસ્તકોમાં 'ઓટોબાયોગ્રાફી ઓફ રેડ: એ નોવેલ ઈન વર્સ' પણ સામેલ છે. 1998માં પ્રકાશિત આ પુસ્તક હજારો વર્ષ જૂની ગ્રીક કથા પર આધારિત છે. તેમાં ગેરિયન નામનો એક પાંખોવાળો લાલ રાક્ષસ છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## અંબાજીમાં વહીવટી તંત્રની જોહુકમી! : અંબાજી મંદિર ટ્રસ્ટ અને અધિક કલેક્ટરની ખુલ્લી તાનાશાહી

# કોરિડોર પ્રોજેક્ટના નામે જમીન માલિકોને હેરાનગતિ અને દબાણની ગંદી રાજનીતિ!!!

મુખ્ય શક્તિ દ્વાર અને BSCC કોમ્પલેક્ષની દુકાનો આગળ જાણી જોઈને પતરાની આડશ ઊભી કરી રોજીરોટી છીનવવાનો ખેલ: એજન્સીને ફાયદો કરાવવા માટે સત્તાનો ખુલ્લો દુરુપયોગ! : વળતર અંગે સહમતિ ન સધાતા જમીન માલિકો પર ગેરકાયદેસર દબાણ: બનાસકાંઠા કલેક્ટર અને સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરે તેવી ઉગ્ર માંગ!

અંબાજી

મા અંબાના ધામ અંબાજીમાં વિકાસના બણગાં ફૂંકીને વહીવટી તંત્ર દ્વારા કેવી રીતે સામાન્ય નાગરિકો અને જમીન માલિકો પર અત્યાચાર ગુજારવામાં આવી રહ્યો છે તેનો એક શરમજનક કિસ્સો સામે આવ્યો છે. અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટર દ્વારા પોતાની પદ અને સત્તાનો ખુલ્લેઆમ દુરુપયોગ કરવામાં આવી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. કોરિડોર યોજનાના નામે માલિકીની જગ્યાઓ સસ્તા ભાવે પડાવી લેવા માટે અને જમીન સંપાદન એજન્સીને મળતિયા તરીકે ફાયદો કરાવવા માટે જમીન માલિકોને યેનકેન પ્રકારે હેરાન કરવામાં આવી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અંબાજી મંદિરના મુખ્ય શક્તિ દ્વારની સામે આવેલી માલિકીની જગ્યાઓ અંબાજીમાં ચાલી રહેલા કોરિડોર પ્રોજેક્ટના સંપાદનમાં આવે છે. પરંતુ, આ જગ્યાના માલિકો અને જમીન સંપાદન કરનાર એજન્સી વચ્ચે યોગ્ય વળતર બાબતે હજુ સુધી કોઈ સહમતિ સધાઈ નથી. આ બાબતનો ખાર રાખીને મંદિર ટ્રસ્ટના વહીવટદાર દ્વારા દુકાન માલિકો પર દબાણ લાવવા માટે અત્યાચારી હથકંડા અપનાવવામાં આવ્યા છે. પતરા લગાવી દુકાનો સીલ કરી દીધી: દુકાન માલિકોની દુકાનો આગળ અચાનક પતરાની આડાશો લગાવીને તેમની દુકાનો બળજબરીપૂર્વક બંધ કરાવી દેવામાં આવી છે, જેના કારણે હજારો શ્રમિકો અને વેપારીઓની રોજીરોટી પર સીધી અસર પડી રહી છે.

સુરક્ષાના નામે નાટક: દુકાન માલિકોનો સ્પષ્ટ આક્ષેપ છે કે આ રોડ પર હજુ સુધી કોઈ જ પ્રકારનું કામ શરૂ થયું નથી, છતાં માત્ર એટલા માટે જ પતરાની આડશ મૂકવામાં આવી છે જેથી માલિકો ગભરાઈને પોતાની જગ્યા સસ્તામાં સોંપી દે.

આખી ઘટનામાં વહીવટી તંત્રની દાનત પર મોટા સવાલો ઊભા થાય છે:

1. ચૂંટેલી જગ્યાઓ પર જ આડશ: ફક્ત અને ફક્ત જે જગ્યા માટે જમીન સંપાદન એજન્સી સાથે સહમતિ બની નથી, તે જ જગ્યાઓ આગળ પતરાની આડાશો મૂકવામાં આવી છે; જ્યારે બાકીની દુકાનો આગળ કોઈ પતરા નથી અને રસ્તો ખુલ્લો રાખવામાં આવ્યો છે!

2. કામ ચાલુ હોય ત્યાં છૂટ, બાકી જગ્યાએ જોહુકમી: શક્તિદ્વાર આગળ આવેલા બંને રોડમાંથી એક બાજુ કામ ચાલુ છે અને ત્યાંથી યાત્રિકો દર્શન માટે મંદિરમાં જાય છે, છતાં ત્યાં કામ કરી રહેલી પીએસપી કંપની દ્વારા સુરક્ષાના નામે કોઈ પતરા કે આડાશો મૂકવામાં આવી નથી. પરંતુ તેની સામે, જ્યાં કોઈ જ કામ ચાલુ નથી, ત્યાં માત્ર જમીન માલિકોને દબાવવા માટે પતરાની દિવાલો ખડી કરી દેવામાં આવી છે.

3. BSCC કોમ્પલેક્ષમાં પણ એ જ ખેલ: અંબાજીના ૫૧ શક્તિપીઠ સર્કલની સામે આવેલા BSCC કોમ્પલેક્ષમાં પણ આ જ પ્રકારની ગંદી રાજનીતિ રમીને દુકાનદારોની દુકાનો આગળ પતરાની આડાશો મૂકી દેવામાં આવી છે, જ્યાં હજુ સુધી એક ઈંટ પણ મૂકવામાં આવી નથી!

અંબાજી મંદિર અને અધિક કલેક્ટર પોતાના હોદ્દાની રૂએ સત્તાનો આડેધડ દુરુપયોગ કરીને સ્થાનિક નાગરિકોને ડરાવવાનો અને જમીન સંપાદન એજન્સીને ઈશારે નાચવાનો ખુલ્લો ખેલ રમી રહ્યા છે. સ્થાનિક જમીન માલિકો અને વેપારીઓની સ્પષ્ટ માંગ છે કે બનાસકાંઠા કલેક્ટર અને રાજ્ય સરકાર આ મામલે ત્વરિત હસ્તક્ષેપ કરે, વહીવટી અધિકારીઓની આ તાનાશાહીની ઉચ્ચસ્તરીય તપાસ કરાવે અને જમીન માલિકોના હિતોનું રક્ષણ કરીને તેમને બજાર કિંમત મુજબ યોગ્ય વળતર અપાવવામાં આવે. જો વહેલી તકે આ અન્યાય બંધ નહીં થાય, તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસના પ્રચારમાં એન્ટ્રી:પેથાપુરમાં કોંગ્રેસ નેતાઓની હાજરીમાં સભા સંબોધી

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય પારો ચરમસીમાએ પહોંચ્યો છે. આ ચૂંટણી જંગમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કદાવર નેતા શંકરસિંહ વાઘેલાની સક્રિય એન્ટ્રીએ રાજકીય આશ્ચર્ય સર્જ્યું છે. હજુ સુધી કોંગ્રેસ પક્ષમાં સત્તાવાર રીતે વિધિવત જોડાવવાની જાહેરાત થઈ નથી છતાં બાપુએ ગાંધીનગર મનપા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર મોરચો સંભાળી લીધો છે જેના કારણે ગુજરાતના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે. ચૂંટણી પ્રચારના અંતર્ગત પેથાપુરમાં એક વિશાળ જાહેર જનસભા યોજાઈ હતી. જેને શંકરસિંહ વાઘેલાએ ઓજસ્વી અંદાજમાં સંબોધી હતી. ત્યારબાદ ગાંધીનગર મનપાના વોર્ડ નંબર-4 માં કોંગ્રેસના અધિકૃત ઉમેદવારોના સમર્થનમાં યોજાયેલા પ્રચાર કાર્યક્રમમાં પણ તેઓ સીધા મેદાનમાં ઉતર્યાં હતા. વોર્ડના ઘરો અને મતદારો સુધી પહોંચીને તેમણે કોંગ્રેસની જીત માટે સમર્થન માંગ્યું હતું. બાપુની આ અણધારી અને પ્રભાવશાળી હાજરી માત્ર ગાંધીનગર પૂરતી સીમિત નથી, પરંતુ તેનાથી રાજ્ય સ્તરે મોટા રાજકીય સંકેતો મળી રહ્યા છે. આ પ્રચાર કાર્યક્રમમાં કોંગ્રેસના પ્રભારી સુભાષિની યાદવ, અગ્રણી નેતા જગદીશ ઠાકોર અને ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સહિત અનેક દિગ્ગજ આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## RSSના પ્રાંત સેવા પ્રમુખે સોસાયટીના રહીશ ઉપર દંડા વરસાવ્યા:ગંગોત્રી ટેનામેન્ટમાં વીજ પોલ ખસેડવાની કામગીરી સમયે બબાલ

વડોદરા

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગોત્રી કુણાલ ચાર રસ્તા પાસેની ગંગોત્રી ટેનામેન્ટ સોસાયટીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા હોદ્દેદારે સોસાયટીના રહીશ પર લાકડી વડે હુમલો કરતાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ સમગ્ર ઘટનાના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે.

ગંગોત્રી ટેનામેન્ટમાં આજે સવારે વીજ કંપનીના અધિકારીઓ સોસાયટીમાં આવેલા વીજ થાંભલા ખસેડવાની કામગીરી અર્થે આવ્યા હતા. તે સમયે સોસાયટીના સદસ્યો અને અધિકારીઓ વચ્ચે વાતચીત અને ચર્ચા ચાલી રહી હતી. સોસાયટીના તમામ રહીશોએ વાત પર સહમત થયા હતા કે તમામ સભ્યોની સર્વસંમતિ મેળવ્યા બાદ જ વીજ થાંભલા ખસેડવામાં આવશે. જોકે, આ જ સોસાયટીમાં રહેતા અને RSSના પ્રાંત સેવા પ્રમુખ તેમજ પૂર્વ વિભાગ કાર્યવાહ તરીકે ફરજ બજાવતા મનસુખ જેસડીયા અચાનક ઉશ્કેરાઈ ગયા હતા.

તેઓએ સામાન્ય ચર્ચા દરમિયાન આક્રમક વલણ અપનાવી સોસાયટીના રહીશ વિશાલ વિનુભાઈ તલસાણીયા પર ઉપરાછાપરી લાકડી વડે હુમલો કરી દીધો હતો. આ દરમિયાન વિશાલભાઈને બચાવવા માટે તેમના પત્ની વચ્ચે પડતાં, મનસુખ જેસડીયાએ તેમના પર પણ લાકડી ઉગામીને ધમકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર હિંસક ઘટના સોસાયટીના અન્ય એક સદસ્યએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી હતી, જે વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

## આણંદમાં ભ્રષ્ટાચાર વિરોધી અવાજ દબાવવાનો ખેલ!

આણંદ-કરમસદ મહાનગરપાલિકામાં કરોડોના કૌભાંડનો પર્દાફાશ કરતા અગાઉ જ સામાજિક કાર્યકરની ધરપકડ: ભ્રષ્ટાચારનો ઘડો ફૂટતા અટકાવવા કાગળો છીનવી લેવાયાના સનસનીખેજ આક્ષેપો!

આણંદ

ગુજરાતમાં પારદર્શિતા અને ભ્રષ્ટાચાર મુક્ત વહીવટના દાવાઓ વચ્ચે આણંદમાંથી એક અત્યંત ચોંકાવનારી અને લોકશાહીને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. આણંદના જાગૃત સામાજિક કાર્યકર હર્ષિલ દવે દ્વારા કરમસદ-આણંદ મહાનગરપાલિકા (KAMC) હદ વિસ્તારમાં ચાલી રહેલા કરોડો રૂપિયાના મસમોટા ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવામાં આવનાર હતો. પરંતુ, ભ્રષ્ટાચારનો કાળો ઘડો ફૂટે અને સત્તાધીશોની પોલ ખુલે તે પહેલા જ આણંદ શહેર પોલીસે સામાજિક કાર્યકરની ધરપકડ કરી લીધી હોવાના અને તેમની પાસેથી કૌભાંડના મહત્ત્વના પુરાવાઓ તથા કાગળો છીનવી લીધા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે!

પ્રાપ્ત વિગતો અનુસાર, આણંદ અને કરમસદ વિસ્તારમાં વિકાસના નામે લાખો-કરોડો રૂપિયાનું ભડભડ થતું હોવાની અને વહીવટી તંત્રની મિલીભગતથી ગેરરીતિઓ આચરવામાં આવતી હોવાની ચોક્કસ માહિતી સામાજિક કાર્યકર હર્ષિલ દવે પાસે હતી. તેઓ પુરાવાઓ સાથે આ સમગ્ર કરોડોના કૌભાંડનો પર્દાફાશ કરવાના હતા.

પરંતુ, આ ભ્રષ્ટાચારના તાર ઉપર સુધી જોડાયેલા હોવાની શંકા વચ્ચે, પર્દાફાશ થાય તે પૂર્વે જ પોલીસે તાત્કાલિક હરકતમાં આવીને સામાજિક કાર્યકરને અટકાયતમાં લઈ લીધા અને તેમની પાસે રહેલા તમામ દસ્તાવેજો તથા કાગળો બળજબરીપૂર્વક છીનવી લીધા હોવાની લોકચર્ચાએ જોર પકડ્યું છે. સવાલ એ થાય છે કે જો ભ્રષ્ટાચાર થયો જ નહોતો, તો તંત્ર આટલું હરકતમાં કેમ આવી ગયું? આ સમગ્ર વિવાદની સાથેસાથે આણંદ અને કરમસદ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પણ મોટા સવાલો ઊભા થયા છે:

વિસ્તારમાં ખુલ્લેઆમ દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે અને તેના સ્પષ્ટ વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ચૂક્યા છે. આમ છતાં સ્થાનિક પોલીસ દ્વારા દારૂના વેપારીઓ કે અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાના બદલે તેમને છાવરવામાં આવી રહ્યા છે. ન્યાયનો અવાજ રૂંધવા પ્રયાસ: બીજી તરફ, જનહિતમાં ભ્રષ્ટાચાર કે અસામાજિક પ્રવૃત્તિઓ સામે અવાજ ઉઠાવનાર નાગરિકો કે સામાજિક કાર્યકરો પર પોલીસ બળપ્રયોગ કરીને તેમના અવાજને કચડવાનો પ્રયાસ કરી રહી છે. આણંદ અને કરમસદ વિસ્તારમાં વહીવટી તંત્ર અને પોલીસની આ બેવડી નીતિ સામે સ્થાનિક નાગરિકો અને જાગૃત યુવાનોમાં ભારે રોષ ફેલાઈ ગયો છે.

## સુરતમાં શેરબજારના રૂ. 15 લાખની લેતી-દેતીમાં ખૂની ખેલ: અડાજણના વેપારી પુત્રનું અપહરણ કરનાર કુખ્યાતો મહારાષ્ટ્રમાંથી જેલભેગા!

સુરત

ગુજરાતના હીરા અને ટેક્સટાઈલ નગરી સુરતમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક અત્યંત સનસનીખેજ અને ડરામણી ઘટના પ્રકાશમાં આવી છે. સુરતના પોશ ગણાતા અડાજણ વિસ્તારમાંથી શેરબજારની લેતી-દેતીના ગંભીર વિવાદમાં ૨૭ વર્ષીય યુવાનનું દિનદહાડે ફિલ્મીઢબે અપહરણ કરવામાં આવ્યું હતું. જો કે, ભોગ બનનાર યુવાનના પિતાની સમયસૂચકતા અને અડાજણ પોલીસની ત્વરિત તેમજ સચોટ કાર્યવાહીના કારણે મહારાષ્ટ્ર સુધી પહોંચીને આ યુવાનને હેમખેમ છોડાવી લેવામાં આવ્યો છે અને આ ગુનામાં સંડોવાયેલા ત્રણેય કુખ્યાત આરોપીઓને સકંજામાં લઈ લેવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અને પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય યુવાન આગમ પટવાને અગાઉના શેરબજારના વ્યવહારો અને પૈસાની લેતી-દેતી મામલે નિશાન બનાવવામાં આવ્યા હતા.

અડાજણના વ્યસ્ત અને જાણીતા એલ.પી. સવાણી રોડ પરથી અચાનક એક કારમાં ધસી આવેલા શખ્સોએ આગમ પટવાને આંતરી લીધા હતા અને બળજબરીપૂર્વક ગાડીમાં બેસાડીને તેનું અપહરણ કરી લીધું હતું.

## સાસણ-ગીરમાં આવતીકાલથી પ્રવાસીઓ માટે ખુલશે સિંહ દર્શન : 9 ઓક્ટોબરથી જ જંગલ સફારી શરૂ કરવાનો નિર્ણય

ગીર

ગીર જંગલમાં સિંહ દર્શનની આતુરતાથી રાહ જોઈ રહેલા પ્રવાસીઓ માટે ખુશીના સમાચાર છે. સાસણ-ગીરમાં ચોમાસાના વિરામ બાદ આવતીકાલે, 9 ઓક્ટોબરથી ગીર જંગલ સફારીનો પ્રારંભ કરવામાં આવશે. સામાન્ય રીતે 16 ઓક્ટોબરથી શરૂ થતી જંગલ સફારી આ વર્ષે એક સપ્તાહ વહેલી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગીરના ગાઢ જંગલમાં વિહરતા સાવજોને નિહાળવા માટે પ્રવાસીઓ હવે ફરીથી ગીર સફારીનો આનંદ માણી શકશે. ગીરના આરક્ષિત જંગલ વિસ્તારમાં આવેલા આશરે 267 ચોરસ કિલોમીટરના ગાઢ જંગલને સેન્ચુરી અભયારણ્યના ટુરિઝમ ઝોન તરીકે પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવશે. ગુજરાતના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનના દિશાનિર્દેશ અનુસાર 16 ઓક્ટોબરથી શરૂ થનારી ગીર જંગલ સફારીને એક સપ્તાહ વહેલી એટલે કે 9 ઓક્ટોબરથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ચોમાસાના વિરામ બાદ ફરીથી જંગલમાં સફારી શરૂ થતાં પ્રવાસીઓને સિંહ સહિત ગીરની વન્યજીવ સૃષ્ટિ નિહાળવાની તક મળશે. સિંહ દર્શન માટે પ્રવાસીઓનું ઓનલાઈન પરમિટ બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

## આંગણવાડીના અનાજ કૌભાંડ પર સણસણતો અહેવાલ!

# નાના ભૂલકાંઓના મોઢાનો કોળિયો છીનવનારાઓ સામે કાર્યવાહી કરવા વહીવટી તંત્ર લાચાર કેમ?

દાંતા-હડાદ તાલુકામાં બાળકોના પોષણ આહારના જથ્થાનું ગોડાઉનમાંથી બારોબાર વેચાણ: ગાડીના નંબર અને વીડિયો વાયરલ થવા છતાં ભ્રષ્ટ તત્વો સામે આંખમિચામણી!

બનાસકાંઠા

ગુજરાતમાં કુપોષણ મટાડવાના દાવાઓ વચ્ચે સરકારી યોજનાઓ કેવી રીતે ભ્રષ્ટાચારની ભેટ ચઢી રહી છે, તેનું એક અત્યંત શરમજનક અને રોષે ભરાય તેવું ચિત્ર દાંતા અને હડાદ તાલુકામાંથી સામે આવ્યું છે. સરકાર દ્વારા આંગણવાડીના નાના ભૂલકાંઓના પોષણ અને સ્વાસ્થ્ય માટે મોકલવામાં આવતા પૌષ્ટિક આહારના જથ્થાની કાળાબજારીનો પર્દાફાશ થયો છે. ગોડાઉનમાંથી સીધો જ બારોબાર અનાજનો જથ્થો વેચી દેવાના વિડીયો અને ગાડીના નંબર જેવા નક્કર આધાર-પુરાવા સોશિયલ મીડિયા પર વાયરલ થયા હોવા છતાં, સ્થાનિક વહીવટી તંત્ર અને જવાબદાર અધિકારીઓ આ




ભ્રષ્ટાચારીઓ સામે પગલાં લેવાને બદલે સંપૂર્ણપણે લાચાર કેમ સાબિત થઈ રહ્યા છે? તેવા ગંભીર સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દાંતા અને હડાદ વિસ્તારમાં આંગણવાડીના બાળકો માટે ફાળવાતો અનાજનો જથ્થો નિયત સ્થળે પહોંચાડવાના બદલે બારોબાર વેચાણ માટે ધકેલી દેવામાં આવે છે. ગાડીઓ પકડાઈ અને વિડીયો વાયરલ: અંધારિયા અને સતલાસણા તરફ જતી શંકાસ્પદ ગાડીઓમાં આ પોષણ આહારનો જથ્થો ભરીને લઈ જવામાં આવી રહ્યો હતો, જે પકડાઈ ગઈ હતી. આ સમગ્ર ઘટનાના સ્પષ્ટ વીડીયો અને ગાડીઓના નંબર સાથેના અકાટ્ય પુરાવાઓ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.

આટલા બધા પુરાવાઓ સપાટી પર હોવા છતાં, તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાના બદલે આશ્ચર્યજનક રીતે તે જ કાળા કારોબારીઓને ફરીથી વિતરણની કામગીરી સોંપી દેવામાં આવી છે! આ દર્શાવે છે કે ભ્રષ્ટાચારના આ નેટવર્કમાં ક્યાંકને ક્યાંક ઉપરી અધિકારીઓની પણ મિલીભગત છે.

## કરજણ અને સુરતમાં 4 પેઢીઓ સામે આકરી કાર્યવાહી

# આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચનાથી FDCAના મોટા દરોડા

વડોદરા અને સુરતમાં ગેરકાયદે દવાઓના ગોરખધંધા પર આરોગ્ય મંત્રીશ્રીની લાલ આંખ; અંદાજિત કુલ રૂ. 42.6 લાખનો જથ્થો સીઝ, પેઢીના વેચાણ પરવાના કાયમી રદ

ગુજરાત

રાજ્યમાં ‘નશા-મુક્તિ‘ અભિયાન અને નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ભાગરૂપે, આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચના તથા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA) ના કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ વડોદરા અને સુરત જિલ્લામાં ગેરકાયદેસર દવાઓના સંગ્રહ તેમજ વેચાણ સામે સપાટો બોલાવવામાં આવ્યો છે. તંત્રની આ કાર્યવાહીથી નશાનો કારોબાર કરનારા તત્વોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. મહારાષ્ટ્ર NCBની ચોક્કસ બાતમીના આધારે વડોદરા જિલ્લાના કરજણ ખાતે આવેલી મેસર્સ ચામુંડા ફાર્મા પર સંયુક્ત દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન: NDPS એક્ટ હેઠળ આવતી 'ANREX (Codeine)' કફ સિરપની ૧૩,૯૩૮ બોટલો (અંદાજિત કિંમત રૂ. ૨૭.૮ લાખ) ઝડપાઈ. 'TRAMADOL' ની ૧૨,૨૪૦ ટેબ્લેટ્સ (અંદાજિત કિંમત રૂ. ૫૦ હજાર) જપ્ત કરવામાં આવી. આ ગંભીર ઉલ્લંઘન બદલ પેઢીને તાત્કાલિક



સીલ કરી, ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ હેઠળ વેચાણ પરવાનાઓ (-૨૦બી અને ૨૧બી) તા. ૦૧ ઓક્ટોબર ૨૦૨૬થી કાયમી ધોરણે રદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, સંબંધિત 'મેસર્સ માજીસા મેડિકલ સ્ટોર્સ' ખાતેથી NDPS ઘટક ધરાવતી 'LOMOTIL' ટેબ્લેટ્સ મળી આવી હતી. સ્થળ પર રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટની ગેરહાજરી અને ફ્રિજ બંધ હોવા જેવી ગંભીર ક્ષતિઓ બદલ આ પેઢીના છૂટક વેચાણના પરવાનાઓ પણ તા. ૦૫ ઓક્ટોબર ૨૦૨૬થી કાયમી રદ કરાયા છે. ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના ઓનલાઈન પ્લેટફોર્મ પર 'Sildenafil Citrate' (જે વાયગ્રા, પેનેગ્રા, કેવર્ટા વગેરે બ્રાન્ડથી ઓળખાય છે) જેવી દવાઓનું ગેરકાયદે વેચાણ કરતી પેઢીઓ સામે પણ આકરા પગલાં લેવાયા છે: મેસર્સ ડર્મેટીક્સ ઈન્ડિયા (વરાછા, સુરત): તા. ૦૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ પડેલા દરોડામાં આ પેઢી કોઈપણ માન્ય ડ્રગ લાઈસન્સ વિના વેબસાઈટ દ્વારા દવાઓ વેચતી હોવાનું ખૂલ્યું.

## કચ્છમાં ટીબી નાબૂદી માટે 'JOSH' ટીમ લોન્ચ:યુવાનો, અધિકારીઓ અને NCC કેડેટ્સ કરશે જનજાગૃતિ

કચ્છ

કચ્છ જિલ્લામાં ટીબીના સંપૂર્ણ નાબૂદીના લક્ષ્યને સાકાર કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા જનભાગીદારીને કેન્દ્રમાં રાખીને વધુ એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ (NTEP) અંતર્ગત જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ ખાતે JOSH (Joint Squad for Health) Teamsના લોન્ચિંગ સાથે ટીબી મુક્ત ભારત અભિયાનનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. યુવાનો, અધિકારીઓ અને વિવિધ વિભાગોની સંયુક્ત ભાગીદારીથી શરૂ કરાયેલી આ પહેલથી ટીબી અંગે જાગૃતિ ફેલાવવાની કામગીરીને નવી દિશા મળવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત સવારે નવી દિલ્હી ખાતે યોજાયેલા JOSH Teamsના રાષ્ટ્રીય શુભારંભ કાર્યક્રમના જીવંત પ્રસારણથી થઈ હતી. ભારત મંડપમથી પ્રસારિત કાર્યક્રમમાં ટીબી મુક્ત ભારતના રાષ્ટ્રીય અભિયાન અને તેમાં યુવાનોની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

JOSH Teamsમાં Class-1 અધિકારીઓ સાથે MY Bharatના સ્વયંસેવકો તથા NCC કેડેટ્સને જોડવામાં આવ્યા છે. ટીમના સભ્યો ગામડાં અને શહેરી વિસ્તારોમાં લોકો વચ્ચે જઈ ટીબીના લક્ષણો અંગે સમજણ આપશે તેમજ શંકાસ્પદ કેસમાં વહેલી તપાસ, નિદાન અને નિયમિત સારવાર માટે લોકોને પ્રેરિત કરશે.

## અંબાજીમાં હાહાકાર: માથાભારે તડીપાર બુટલેગર અને તેના સાગરીતોની પત્રકારને જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકી!

### દિલીપ પ્રજાપતિ જેવા ગુનેગારો ઉપર તડીપારના કેસો હોવા છતાં પોલીસનું 'વિશેષ આશીર્વાદ' કેમ? યાત્રાધામમાં દારૂના અડ્ડાઓ ધમધમતા હોવાના અહેવાલથી પોલીસ બેડામાં ખળભળાટ!

અંબાજી

પવિત્ર યાત્રાધામ અંબાજીમાં જ્યાં દરરોજ લાખો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શને આવીને ધન્યતા અનુભવે છે, ત્યાં બીજી બાજુ અસામાજિક તત્વો અને બુટલેગરો દ્વારા આ પવિત્ર ભૂમિને બદનામ કરવાનો ખેલ બેરોકટોક ચાલી રહ્યો છે. યાત્રાધામમાં ચાલતા દારૂના ગેરકાયદે અડ્ડાઓનો પર્દાફાશ કરતા વીડિયો થોડા દિવસો પહેલા દાંતાના જાગૃત પત્રકારો દ્વારા અડગ હિંમત દાખવીને મુખ્ય પ્રસારણ માધ્યમો અને ન્યૂઝ ચેનલોમાં ચલાવવામાં આવ્યા હતા. આ સત્ય ઉજાગર થતાં જ માથાભારે બુટલેગર દિલીપ પ્રજાપતિ અને તેના ગુંડાગીરિ કરતા સાગરીતોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી, અને તેણે પોતાની અસલ ગુનાહિત માનસિકતા પ્રદર્શિત કરતા પત્રકારને ફોન પર જીવલેણ ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું! પત્રકારને ધમકી આપતી વખતે માથાભારે બુટલેગરે બેફામ ગાળો ભાંડતા કહ્યું હતું કે, ‘તું અંબાજી આવ, તને બતાવું છું!‘ આ ધમકીનો ઓડિયો હાલ સોશિયલ મીડિયામાં આગની જેમ વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના બાદ સ્થાનિક સ્તરે એવા ગંભીર સવાલો ઉઠી રહ્યા છે કે–શું અંબાજી પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ હવે કાયદો વ્યવસ્થા જાળવવાને બદલે આવા બુટલેગરોને પત્રકારો અને સત્ય અવાજ દબાવવા માટે 'ખુલ્લું સમર્થન' આપી રહ્યા છે? સ્થાનિક લોકો અને જાગૃત નાગરિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. લોકો ખુલ્લેઆમ આક્ષેપ કરી રહ્યા છે કે– તડીપાર હોવા છતાં છૂટછાટ: જે માથાભારે બુટલેગર દિલીપ પ્રજાપતિ ઉપર અગાઉથી જ 'તડીપાર' જેવા ગંભીર અને કડક કાયદાકીય કેસો નોંધાયેલા છે, તે ખુલ્લેઆમ અંબાજીની હદમાં ફરીને દારૂનો વેપાર કેવી રીતે કરી રહ્યો છે? શું સ્થાનિક અંબાજી પોલીસ PI ની મિલીભગત વગર આ શક્ય છે? સરકારની નીતિ સામે સવાલ: ગુજરાત રાજ્યમાં દારૂબંધીના કડક કાયદાઓ અને ગૃહમંત્રીની મોટી-મોટી વાતો વચ્ચે ખુદ શ્રદ્ધાના કેન્દ્ર સમાન અંબાજીમાં જ જો આ પ્રકારે દારૂના અડ્ડાઓ ધમધમતા હોય, તો સામાન્ય પ્રજાએ કોની પાસે ન્યાય માંગવો?

### ડભોઇ સ્ટેટ હાઇવે પર વહીવટી તંત્રની પોલ ખુલી!

# ડભોઇની જીવાદોરી સમાન મુખ્ય ચોકડીઓ ઉપર રાત્રે સર્જાય છે ભયાનક અંધારપટ!!!




ડભોઇ

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં વિકાસના મોટા-મોટા દાવાઓના ઢંકેલા વરખની પોલ હવે ડભોઇ તાલુકામાંથી ખુલ્લી પડી રહી છે. એક તરફ વિકાસના બણગા ફૂંકવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ ડભોઇ તાલુકાના અત્યંત મહત્વના અને વ્યસ્ત સ્ટેટ હાઈવે પર વહીવટી તંત્રની આંખ આડા કાન કરવાની ગંભીર નીતિ સામે આવી છે. ડભોઇ વિસ્તારની અત્યંત સંવેદનશીલ અને ધમધમતી બે મુખ્ય ચોકડીઓ પર સરકારી તિજોરીમાંથી લાખો રૂપિયા ખર્ચીને બેસાડવામાં આવેલી સોલાર લાઈટો લાંબા સમયથી ધૂળ ફાકી રહી છે અને સંપૂર્ણપણે બંધ હાલતમાં છે. આ ઘોર અંધકારના સામ્રાજ્ય વચ્ચે રોજિંદા હજારો વાહનચાલકો અને સ્થાનિક મુસાફરો નર્કાગાર જેવી હાલાકી ભોગવવા મજબૂર બન્યા છે. ડભોઇ પંથકના ટ્રાફિક અને રોજિંદા વ્યાપારની દ્રષ્ટિએ કરોડરજ્જુ સમાન ગણાતા મુખ્ય માર્ગો પર તંત્રની લાપરવાહી ઉઘાડી પડી છે: તરસાણા ચોકડી: ડભોઇથી વાઘોડિયા અને વડોદરા તરફ અવિરત જોડાણ આપતી આ મહત્વની ચોકડી પર રાત્રે અંધારપટ રહે છે. ડભોઇથી છોટાઉદેપુર અને બોડેલી તરફ રફતાર ભરતા મુખ્ય હાઈવે પર આવેલી આ વ્યસ્ત ચોકડી પર પણ રોશનીનું નામનિશાન નથી. આ બંને મુખ્ય જંક્શન પર સતત વાહનો અને મુસાફરોની અવરજવર રહેતી હોવા છતાં, અહીં લગાડેલી સોલાર લાઈટો શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ છે. રાત્રિના સુમારે આ માર્ગો પર કાળું ડિબાંગ અંધારું છવાઈ જતાં ભયાનક સન્નાટો જોવા મળે છે. રાત્રિના સમયે વડોદરા કે અન્ય સ્થળોએથી આખો દિવસ પરસેવો પાડીને કામ-ધંધો પતાવીને પરત ફરતા નોકરિયાતો, મજૂરો અને સામાન્ય મુસાફરો માટે આ ચોકડીઓ પર બસ કે ખાનગી વાહનમાંથી નીચે પગ મૂકવો પણ હવે જીવનું જોખમ બની ગયું છે. ચોકડીઓ પર પૂરતી લાઈટ કે ડિજિટલ સહારાના અભાવે અંધારામાં પૂરઝડપે દોડતા વાહનોને કારણે ગંભીર અકસ્માતો સર્જાવાની શક્યતાઓ ચરમસીમા પર પહોંચી ગઈ છે.

# પ્રી-પીટીસીમાં હવે 30 વર્ષ સુધી પ્રવેશ, 50ની જગ્યાએ 62 બેઠક

### EWS-દિવ્યાંગો માટે પણ અનામત, D.El.Ed.ના પ્રવેશ નિયમોમાં મોટા ફેરફાર, વયમર્યાદામાં 6 વર્ષની રાહતથી વધુ ઉમેદવારોને તક

ગાંધીનગર

રાજ્યમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે તાલીમબદ્ધ શિક્ષકો તૈયાર કરવા ગુજરાત સરકારે પ્રી-પીટીસી (D.El.Ed.) કૉલેજોના પ્રવેશ નિયમોમાં મહત્વના સુધારા જાહેર કર્યા છે. નવા નિયમ મુજબ હવે પ્રી-પીટીસીમાં પ્રવેશ માટેની મહત્તમ વયમર્યાદા 24 વર્ષથી વધારીને 30 વર્ષ કરવામાં આવી છે. સાથે જ વર્ગદીઠ મંજૂર બેઠકોની સંખ્યા 50થી વધારીને 62 કરવામાં આવી છે. આ ઉપરાંત EWS માટે 10 ટકા અને દિવ્યાંગ ઉમેદવારો માટે 5 ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. પ્રી-પીટીસી કૉલેજમાં અગાઉ વર્ગદીઠ 50 બેઠકોની મંજૂરી હતી. હવે તેમાં 25 ટકાનો વધારો કરીને 62 બેઠકો કરવામાં આવી છે. નવી બેઠક વ્યવસ્થા મુજબ SEBC માટે 27 ટકા એટલે કે 17 બેઠકો, SC માટે 7 ટકા એટલે કે 4 બેઠકો અને ST માટે 15 ટકા એટલે કે 9 બેઠકો રહેશે. ઓપન કેટેગરીમાં 41 ટકા મુજબ 26 બેઠકો અને EWS માટે 10 ટકા મુજબ 6 બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. પ્રી-પીટીસીમાં પ્રવેશ માટે ધોરણ-12માં કુલ ગુણના ઓછામાં ઓછા 50 ટકા ગુણ જરૂરી રહેશે. ગુજરાત બોર્ડ ઉપરાંત CBSE, ICSE સહિતના માન્ય બોર્ડમાંથી ધોરણ-12 પાસ ઉમેદવારો પણ અરજી કરી શકશે. SC, ST, SEBC, EWS અને દિવ્યાંગ ઉમેદવારોને ગુણની પાત્રતામાં 5 ટકાની છૂટ મળશે. અગાઉ મહત્તમ વયમર્યાદા 24 વર્ષ હતી, જે હવે વધારીને 30 વર્ષ કરાઈ છે. શૈક્ષણિક વર્ષના પ્રારંભે એટલે કે તે વર્ષના 1 જુલાઈના રોજ ઉમેદવારની ઉંમર 30 વર્ષથી વધુ ન હોવી જોઈએ.

### જનતા વેટ કરતી રહી અને બસો ભાજપની રેલીમાં દોડી!

# પ્રજા બસ સ્ટેન્ડ પર આંખો તાણીને રાહ જોતી રહી અને AMTS બસો ભાજપની સભામાં ગાયબ!

### વડાપ્રધાનના 25 વર્ષના કાર્યકાળની ઉજવણીના નામે રીવરફ્રન્ટ પર ભીડ ભેગી કરવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટનો બેફામ દુરુપયોગ: રૂટીન બસો સ્ટેન્ડ પરથી ઊાડી લેવાતા નોકરિયાતો અને વિદ્યાર્થીઓ રઝળી પડ્યા!

અમદાવાદ

ગુજરાત અને અમદાવાદમાં તંત્ર દ્વારા પ્રજાના હિતના દાવાઓ ભલે મોટા-મોટા કરવામાં આવતા હોય, પરંતુ વાસ્તવિકતા કેટલી બદસૂરત છે તેની એક વધુ શરમજનક ઘટના સામે આવી છે. વડાપ્રધાનના ૨૫ વર્ષનો કાર્યકાળ પૂરો થવાની ખુશીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા રિવરફ્રન્ટ પર એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ભીડ એકઠી કરવા અને કરોડોની જનમેદની દેખાડવા માટે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ એટલે કે AMTS ની રૂટીન બસોનો બેફામ દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. શહેરના ખૂણે-ખૂણેથી લોકોને ભરી-ભરીને આ બસો સીધી ભાજપની સભામાં ખસેડવામાં આવી હતી!

બસ સ્ટેન્ડ પર કલાકો સુધી રાહ જોતી રહી જનતા!

જ્યારે સરકારી અને સત્તાવાર બસોને જબરજસ્તી 'સ્પેશિયલ ડ્યુટી'ના નામે સભામાં દોડાવી દેવામાં આવી, ત્યારે રોજબરોજની નોકરી-ધંધે અને અભ્યાસ માટે જતા સામાન્ય નાગરિકોની હાલત દયનીય બની ગઈ હતી.

બસો ગાયબ: રૂટીન રૂટ પર દોડતી બસો અચાનક બંધ થઈ જવાને કારણે બસ સ્ટેન્ડ પર ઊભા રહેલા રાહદારીઓ અને મુસાફરો બસની રાહ જોતા જ રહી ગયા.

નોકરી અને કોલેજમાં ફટકો: સમયસર બસ ન મળવાને કારણે અનેક નોકરિયાતો ઓફિસે મોડા પહોંચ્યા તો કેટલાય વિદ્યાર્થીઓની કોલેજની હાજરી બગડી અને છૂટી ગઈ.

સામાન્ય પ્રજા હેરાન: નેતાઓની ભીડ ભેગી કરવાની આ રાજકીય ગેમમાં અમદાવાદના સામાન્ય નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# અડાજણમાંથી યુવકનું અપહરણ કરી30 લાખની ખંડણી માંગનાર ત્રણ આરોપી ઝડપાયા

સુરત

સુરતના અડાજણમાં એલ.પી. સવાણી રોડ પર મધુવન સર્કલ નજીકથી યુવકનું કારમાં અપહરણ કરી રૂ.30 લાખની ખંડણી માંગવાના કેસમાં પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. યુવકને બ્લેક કલરની કારમાં ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યો હતો. અડાજણ પોલીસે 200થી વધુ CCTV ફૂટેજની તપાસ કરી આરોપીઓનું પગેરું મેળવ્યું હતું. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી પોલીસે મહારાષ્ટ્રના સુપા ગામ પાસેથી રવિરાજ પાટીલ, અમોલ ખરમાળે અને મયુર શિંદેને ઝડપી પાડ્યા હતા.

પોલીસે પુણે-અહલ્યાનગર હાઈવે પરથી ગણતરીના કલાકોમાં ત્રણેય આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. પોલીસે આરોપીઓ પાસેથી હ્યુન્ડાઈ વેન્યુ કાર અને ચાર મોબાઈલ ફોન કબજે કર્યા છે.

અપહરણ કરાયેલા યુવકને પોલીસે સહીસલામત રીતે તેના માતા-પિતાને સોંપ્યો છે. સમગ્ર મામલે પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 25 વર્ષની અવિરત રાષ્ટ્રસેવાને વંદન

# વસ્ત્રાલ ખાતે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના હસ્તે પ્રદર્શની ખુલ્લી મુકાઇ!

### મહાનગર અધ્યક્ષ પ્રેરક શાહ અને મેયર હિતેશ બરોટની વિશેષ ઉપસ્થિતિ: ભાજપના દિગ્ગજ નેતાઓ અને ધારાસભ્યોએ નિહાળી વિકાસગાથા!

અમદાવાદ

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબની અવિરત અને સફળ ૨૫ વર્ષની રાષ્ટ્રસેવા તેમજ જનકલ્યાણના ઈતિહાસને જન-જન સુધી પહોંચાડવાના ભગીરથ હેતુસર અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં એક ભવ્ય પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના બે દાયકા કરતા વધુ સમયના આ ગૌરવશાળી કાર્યકાળ અને દેશના વિકાસમાં તેમના અતુલ્ય યોગદાનને ઉજાગર કરતી આ પ્રદર્શનીનું ભવ્ય લોકાર્પણ ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ) ના વરદ્ હસ્તે



કરવામાં આવ્યું હતું. વસ્ત્રાલ ખાતે યોજાયેલા આ ભવ્ય લોકાર્પણ સમારોહમાં સંગઠન અને સરકારના શીર્ષસ્થ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન: પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ પંચાલ દ્વારા પ્રદર્શનીનું રિબિન કાપીને અને દીપ પ્રગટાવીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અમદાવાદ મહાનગર અધ્યક્ષ શ્રી પ્રેરક શાહ અને મેયર શ્રી હિતેશ બરોટ ખાસ ઉપસ્થિત રહીને આ પ્રસંગની શોભા વધારી હતી. આ ઉપરાંત શહેરના સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ પ્રદર્શનીની મુલાકાત લઈને શ્રી નરેન્દ્ર મોદી સાહેબના મુખ્યમંત્રી કાળથી લઈને દેશના વડાપ્રધાન તરીકેના ૨૫ વર્ષના વિકાસપથ, ઐતિહાસિક નિર્ણયો અને રાષ્ટ્રનિર્માણની ઝાંખી કરાવતા ચિત્રો તથા મોડેલો રસપૂર્વક નિહાળ્યા હતા.

### વડોદરામાં ગોઝારી અકસ્માત ઘટના!

# ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટના 4 વિદ્યાર્થીઓમાંથી 2 મિત્રો પાણીના તીવ્ર પ્રવાહમાં તણાયા!

વડોદરા

વડોદરા શહેરમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતા ચાર મિત્રો માટે એક નાની ભૂલ અને કુદરતી પ્રકોપ જીવલેણ સાબિત થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરામાં ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટમાં સાથે અભ્યાસ કરતા ૪ યુવાન મિત્રોમાંથી ૨ વિદ્યાર્થીઓ પાણીના અચાનક તીવ્ર અને ઘાતક પ્રવાહમાં તણાઈ ગયા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

ઘટના સમયે જ્યારે આ ચારેય મિત્રો પાણીના પ્રવાહની ઝપેટમાં આવ્યા, ત્યારે ચીસાચીસ મચી ગઈ હતી. ત્યાં ઉપસ્થિત સ્થાનિક લોકોએ અદ્ભુત સમયસૂચકતા વાપરીને તાત્કાલિક ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી. સ્થાનિકોના સાહસને કારણે કેનાલના પાણીમાં



તણાઈ રહેલા બે વિદ્યાર્થીઓને હેમખેમ અને સહીસલામત બહાર કાઢી લેવામાં આવ્યા હતા, જેથી તેમનો આબાદ બચાવ થયો હતો. પરંતુ, પ્રવાહ એટલો બધો તીવ્ર અને વેગવાન હતો કે બાકીના બે વિદ્યાર્થીઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈને લાપતા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનો દ્વારા કેનાલના પાણીમાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી. કલાકો સુધી ચાલેલી ભારે મથામણ અને જહેમત બાદ ફાયર બ્રિગેડે કેનાલના ઊંડા પાણીમાંથી બંને ગુમ થયેલા વિદ્યાર્થીઓના નિષ્પ્ર મૃતદેહ શોધીને બહાર કાઢ્યા હતા. આ ગોઝારી દુર્ઘટનામાં મોતને ભેટેલા બંને સગીર વિદ્યાર્થીઓની ઓળખ સામે આવી છે: આયુષ જાદવ (ઉંમર વર્ષ ૧૭, રહે. માંજલપુર, વડોદરા), પ્રિતેશ ચૌહાણ (ઉંમર વર્ષ ૧૭, રહે. હરિપુરા, વડોદરા). માત્ર ૧૭ વર્ષની નાની વયે જ બેઘર બનેલા આ હોનહાર યુવાનોના અચાનક અને દુઃખદ અવસાનથી તેમના પરિવારજનો પર વજ્રાઘાત થયો છે અને સ્વજનોના આક્રંદથી વાતાવરણ હચમચી ગયું છે. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. વડોદરા તાલુકા પોલીસે આ મા માં અકસ્માતે મોતનો ગુનો નોંધીને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા છે.

### ડભોઇમાં વહીવટી તંત્રની ગંભીર લાપરવાહી!

# ઐતિહાસિક શીતળાઈ તળાવ નવીનીકરણ પહેલાં જ ગંદકી અને લીલની ભેટ ચડ્યું!

ડભોઇ

ગુજરાતભરમાં વિકાસના દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ ડભોઈ નગરપાલિકાની અદૂરદર્શિતા અને બેફિકરાઈના કારણે ઐતિહાસિક વિરાસતો કેવી રીતે દયનીય હાલતમાં મુકાઈ રહી છે તેનું જીવંત ઉદાહરણ સામે આવ્યું છે. ડભોઈ નગરપાલિકા દ્વારા શહેરના ઐતિહાસિક અને લોકપ્રિય શીતળાઈ તળાવના નવીનીકરણ અને બ્યુટિફિકેશનની મોટા ઉપાડે જાહેરાતો અને કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ, આ નવીનીકરણ પૂર્ણ થાય કે જમીન પર કોઈ નક્કર પરિણામ દેખાય, તે પહેલાં જ આ પૌરાણિક તળાવ ભારે ગંદકી અને



પ્રદૂષણનો ભોગ બની ગયું છે. આજે સ્થિતિ એવી છે કે સમગ્ર તળાવમાં ચારેય બાજુ જળકુંભી, જંગલી વેલાઓ અને લીલનું ઘટાદાર સામ્રાજ્ય છવાઈ ગયું છે. તળાવનું મૂળ પાણી હવે સહેજ પણ જોવા મળતું નથી, અને આખી સપાટી પર જાણે કોઈ લીલી ચાદર પાથરી દીધી હોય તેવા પ્રદૂષિત અને ગંદા દ્રશ્યો સામે આવી રહ્યા છે. તંત્રની અણઘડ વહીવટી નીતિના કારણે ઐતિહાસિક તળાવ આજે કચરાપેટીમાં ફેરવાઈ ગયું છે. તળાવમાં ભરાયેલા આ ગંદા પાણી અને તેમાં સડી રહેલા વનસ્પતિ-કચરાના કારણે આસપાસના સમગ્ર વિસ્તારમાં અસહ્ય પ્રચંડ દુર્ગંધ ફેલાઈ રહી છે. સ્થાનિક નાગરિકોની મુશ્કેલીઓ વર્ણવતા અતિશય દયનીય છે: ખાસ કરીને રાત્રિના સમયે પવનની દિશા બદલાતા જ આવતી તીવ્ર વાસ અને દુર્ગંધને કારણે નજીકની સોસાયટીઓના રહીશોનું ઘરની અંદર જીવવું મુશ્કેલ બની ગયું છે. ઘરોના દરવાજા અને બારીઓ સદંતર બંધ રાખવા છતાં પણ દુર્ગંધ અંદર સુધી ઘૂસી જાય છે, જેના લીધે લોકો શ્વાસ લેવામાં પણ તકલીફ અનુભવી રહ્યા છે. સ્થાનિક જનતા અને જાગૃત નાગરિકોનો આક્ષેપ છે કે વહીવટી તંત્ર માત્ર કાગળ પર અને ભાષણોમાં વિકાસના બણગાં ફૂંકવામાં વ્યસ્ત છે, પરંતુ ગ્રાઉન્ડ ઝીરો પર મૂળભૂત સફાઈ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

તળાવમાં જમા થયેલી આ ગંદકી અને જંગલી વેલાઓના કારણે મચ્છરોનો ઉપદ્રવ અત્યંત ચિંતાજનક સ્તરે વધી ગયો છે. આસપાસના વિસ્તારમાં ડેન્ગ્યુ, મલેરિયા અને કમળો જેવા પાણીજન્ય અને મચ્છરજન્ય ગંભીર રોગચાળો ગમે ત્યારે ફાટી નીકળવાની પૂરી શક્યતા ઊભી થઈ ચૂકી છે.

# વૃદ્ધ દંપતીને બેભાન કરી સોનાનો હાર ચોરી કરનાર બિહારની બેલડીને ગણતરીના કલાકોમાં દબોચી લેતી LCB

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પાટણવાવ પોલીસ સ્ટેશન વિસ્તારના લાઠ ગામે એક ગંભીર ગુનાનો ભેદ ઉકેલવામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ ને મોટી સફળતા મળી છે. આરોગ્ય શાખાના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી, વૃદ્ધ દંપતી પર ઝેરી પ્રવાહીનો સ્પ્રે છાંટી તેમને બેભાન કરી સોનાના દાગીના ઓગાળીને છેતરપિંડી આચરતી બિહારની ગેંગના બે સાગરીતોને પોલીસે ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. ઘટનાની વિગત મુજબ, લાઠ ગામે ગત તારીખ ૦૬/૧૦/૨૦૨૬ ના રોજ બે




અજાણ્યા ઈસમોએ એક વૃદ્ધ દંપતીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. પોતાને હેલ્થ ડિપાર્ટમેન્ટના માણસો ગણાવી, તેઓએ દંપતી પર ઝેરી સ્પ્રેનો છંટકાવ કર્યો હતો, જેના કારણે દંપતી બેભાન થઈ ગયું હતું. ત્યારબાદ આરોપીઓ વૃદ્ધાના ગળામાંથી આશરે ૨૦ ગ્રામ વજનની સોનાની મઢેલ કવરવાળી તુલસીની માળા (કિંમત આશરે રૂ. ૯૦,૦૦૦/-) કઢાવી, કેમિકલ યુક્ત પ્રવાહીમાં નાખી સોનું ઓગાળીને ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ અંગે પાટણવાવ પોલીસ મથકે ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો હતો.

### બજાણા પોલીસે ટેન્કરમાંથી ઝડપ્યો 16.15 લાખનો કુખ્યાત વિદેશી દારૂ!

# વિરમગામ-માલવણ હાઇવે પર રાધે હોટલ નજીકથી ભારત બેન્ઝ ટેન્કર ઝડપાતા બુટલેગરોમાં ફફડાટ : 31,35,72 નો મુદ્દામાલ જપ્ત!

સુરેન્દ્રનગર

ગુજરાતમાં દારૂબંધીના દાવાઓ વચ્ચે બજાણા પોલીસે એક અત્યંત મોટી અને ચોંકાવનારી સફળતા હાંસલ કરી છે. સુરેન્દ્રનગર જિલ્લાના બજાણા પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે વિરમગામ-માલવણ હાઈવે પર રાધે હોટલ નજીક વોચ ગોઠવીને એક શંકાસ્પદ ભારત બેન્ઝ ટેન્કરને આડાસાથ દબોચી લીધું હતું. આ ટેન્કરની તલાશી લેવામાં આવતા અંદરથી ખાખી રંગના બોક્સમાં ભરેલો ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટેન્કરમાંથી દારૂની નાની-મોટી બોટલો તથા ચપલાના કુલ ૬,૮૧૬ નંગ ઝડપી પાડ્યા છે, જેની બજાર કિંમત અંદાજે રૂ. ૧૬,૧૫,૮૭૨ હોવાનું સામે આવ્યું છે. પોલીસે દારૂના આ વિશાળ જથ્થાની સાથે-સાથે ગુનામાં ઉપયોગમાં લેવાયેલું રૂ. ૧૫ લાખની કિંમતનું ભારત બેન્ઝ ટેન્કર અને રૂ. ૨૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન પણ કબજે કર્યો છે.



આમ, કુલ રૂ. ૩૧,૩૫,૮૭૨ નો મુદ્દામાલ જપ્ત કરીને પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે. આ ગંભીર પ્રકરણમાં પોલીસે રાજસ્થાનના ફલોદી જિલ્લાના રહેવાસી એવા સુભાષભાઈ ફરસારામ બિશ્નોઈ નામના મુખ્ય આરોપીને રંગે હાથે ઝડપી પાડ્યો છે. પૂછપરછ દરમિયાન આ રેકેટ પાછળ સંડોવાયેલા અન્ય મોટા માથાઓ અને સપ્લાયરો વિશે પણ ની કડીઓ મળી છે, જેની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે પકડાયેલા આરોપી વિરુદ્ધ ગુજરાત પ્રોહિબિશન એક્ટ (પ્રોહિબિશન ધારા) ની કડક જોગવાઈઓ હેઠળ ગુનો નોંધીને રિમેળ મેળવવાની અને નેટવર્કને ઉખેડી ફેંકવાની કવાયત શરૂ કરી દીધી છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાના કડક પાલન વચ્ચે આટલા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘૂસાડવાના આંતરરાજ્ય કાવતરાનો પર્દાફાશ થતાં પોલીસ બેડામાં પણ સંતોષની લાગણી છવાઈ છે.

# ઘરફોડ ચોરીના બે ગુના ઉકેલાયા, બે આરોપી ઝડપાયા

ભરૂચ

ભરૂચ શહેરમાં થયેલી ઘરફોડ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલી પોલીસે સીકલીગર ગેંગના બે આરોપીઓને ઝડપી લીધા છે. પોલીસે તેમની પાસેથી ચોરીમાં વપરાયેલી મોટરસાઈકલ સહિત કુલ ૫૭ હજાર ૩૯૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.



પોલીસના જણાવ્યા અનુસાર, ૧૭ સપ્ટેમ્બરની રાત્રે જલારામધામ સોસાયટી અને ૧ ઓક્ટોબરની રાત્રે સોનતલાવડી વિસ્તારમાં મકાનમાંથી રોકડ અને દાગીનાની ચોરી થઈ હતી. બંને બનાવ અંગે ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસ મથકે અલગ-અલગ ફરિયાદ નોંધાઈ હતી. તપાસ દરમિયાન પોલીસે ૧૦૦થી વધુ CCTV ફૂટેજનું વિશ્લેષણ કર્યું હતું. અધૂરા નંબરના આધારે RTO પાસેથી ૭૦૦થી વધુ વાહનોનો ડેટા તપાસવામાં આવ્યો હતો. તેમાં GJ-16-EG-9962 નંબરની હોન્ડા સાઈન મોટરસાઈકલ શંકાસ્પદ જણાઈ હતી. બાતમીના આધારે નંદેલાવ બ્રિજ નીચેથી સતવનસિંગ ઉર્ફે ઈલુ પ્રિતમસિંગ સીકલીગર અને જસપાલસિંગ ચેનસિંગ સીકલીગરને મોટરસાઈકલ સાથે ઝડપી લેવાયા હતા. પોલીસે જણાવ્યું કે પૂછપરછમાં બંનેએ જલારામધામ સોસાયટી અને સોનતલાવડીમાં ચોરી કર્યાની કબૂલાત આપી હતી. તેમની પાસેથી મોટરસાઈકલ, હથોડી, ડીસમીસ, લોખંડનો સળીયો, આરી અને ૭ હજાર ૩૯૦ રૂપિયા રોકડા મળી કુલ ૫૭ હજાર ૩૯૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાયો છે.

## તંત્રી લેખ...

# અભિનયના અસલી સમ્રાટ, અનોખા અંદાજ અને ફકીરાના જીવતરવાળા દિગ્ગજ 'નાના પાટેકર' ને અશ્રુભીની શ્રદ્ધાંજલિ!

- અભિનયના અસલી સમ્રાટ, અનોખા અંદાજ અને ફકીરાના જીવતરવાળા દિગ્ગજ 'નાના પાટેકર' ને અશ્રુભીની શ્રદ્ધાંજલિ!
- રૂપેરી પડદે પોતાની વિસ્ફોટક સંવાદફેંકીથી થરથરાટ મચાવનાર, જમીન સાથે જોડાયેલા અને સાદગીની જીવતી મૂર્તિ સમાન અભિનેતા નાના પાટેકરનું 75 વર્ષની વયે ગોવાથી દુઃખદ અવસાન: બોલિવૂડ અને રંગભૂમિએ એક સાચો 'ક્રાંતિવીર' ખોયો.

ભારતીય ચિત્રસૃષ્ટિ અને નાટક જગતના ક્ષિતિજ પરથી એક એવો રત્ન સરી પડ્યો છે, જેની જગ્યા ક્યારેય કોઈ ભરી શકશે નહીં. પોતાની અનન્ય અભિનય શૈલી, ઘાતક અવાજ અને અડગ મિજાજથી દશકો સુધી દર્શકોના દિલ પર રાજ કરનાર મહાન અભિનેતા નાના પાટેકર (વિશ્વનાથ પાટેકર) નું ગોવા સ્થિત નિવાસસ્થાને હૃદયરોગના ગંભીર હુમલાથી ૭૫ વર્ષની વયે અચાનક નિધન થયું છે. તેમના અવસાનના સમાચારથી સમગ્ર દેશમાં, ખાસ કરીને કલા જગતમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પરિવાર આ મહાન કલાકાર અને સાચા દેશભક્તને અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.




### પાયાથી શીખેલી જિંદગી અને સંઘર્ષનો અગ્નિપથ

નાના પાટેકરનું જીવન કોઈ ફિલ્મી પટકથાથી જરાય કમ નહોતું. મહારાષ્ટ્રના મુરુડ-જંજીરા ખાતે સામાન્ય પરિવારમાં જન્મેલા વિશ્વનાથ ઉર્ફે નાના પાટેકરનું બાળપણ આર્થિક સંઘર્ષો વચ્ચે વીત્યું હતું. માત્ર ૧૩ વર્ષની નાની વયે પરિસ્થિતિના કારણે તેમને મુંબઈની ગલીઓમાં ફિલ્મની પબ્લિસિટી માટે હોર્ડિંગ્સ અને પોસ્ટરો રંગવાનું કામ કરવું પડ્યું હતું, જેના બદલે તેમને મહિને માત્ર ૩૫ રૂપિયા મળતા હતા.

જીવનમાં ભૂખ અને ગરીબી શું છે તે નજીકથી જોનાર નાનાએ ક્યારેય હાર માની નહીં. સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટમાંથી એપ્લાઇડ આર્ટ્સમાં અભ્યાસ કર્યા બાદ તેઓ રંગભૂમિ (થિયેટર) સાથે જોડાયા. નાટકોમાં નાના-મોટા રોલ કરતા કરતા તેમણે પોતાની અદ્ભુત અભિનય ક્ષમતાના બળે બોલિવૂડમાં પ્રવેશ કર્યો.

## રૂપેરી પડદે ધાક બેસાડનાર અદભુત અભિનય

૧૯૭૮માં ફિલ્મ 'ગમન'થી ફિલ્મી કરિયરની શરૂઆત કરનાર નાના પાટેકરે પાછું વાળીને જોયું નથી.

રાષ્ટ્રીય પુરસ્કારો: તેમણે પોતાના બેજોડ અભિનયના દમ પર ત્રણ-ત્રણ નેશનલ ફિલ્મ અવોર્ડ (રાષ્ટ્રીય પુરસ્કાર) પોતાના નામે કર્યા હતા.

આઈકોનિક ફિલ્મો: 'પરિંદા', 'ક્રાંતિવીર', 'પ્રહાર', 'અંકુશ', અને મરાઠી સિનેમાની માસ્ટરપીસ ફિલ્મ 'નટસમ્રાટ' માં તેમનો અભિનય ભારતીય સિનેમાના ઈતિહાસમાં સોનેરી અક્ષરે અંકિત થઈ ગયો છે. વિલન, હીરો કે ચરિત્ર અભિનેતા– દરેક ભૂમિકામાં તેમણે પ્રાણ ફૂંકી દીધા હતા.

કોમેડીમાં પણ બેજોડ: ગંભીર અને ગુસ્સાવાળા રોલ માટે જાણીતા નાનાએ 'વેલકમ' ફિલ્મમાં અફલા 'ઉદય શેટ્ટી' બનીને દર્શકોને પેટ પકડીને હસાવ્યા હતા.

ફકીરાના લાઈફ સ્ટાઈલ અને જમીન સાથે જોડાયેલું વ્યક્તિત્વ

મુંબઈ જેવા માયાનાગરી અને ગ્લેમરથી ભરપૂર શહેરમાં કરોડોની કમાણી કરવા છતાં નાના પાટેકરે હંમેશાં અત્યંત સાદી અને ફકીરાના જીવનશૈલી અપનાવી હતી.

મુંબઈના અંધેરી વિસ્તારના એક સામાન્ય ૧-બીએચકે (1BHK) ફ્લેટમાં દશકો સુધી સાદું જીવન વિતાવ્યું.

જ્યારે તેમને પૂછવામાં આવતું કે તેઓ મોટા બંગલા કે મોંઘી ગાડીઓમાં કેમ નથી રહેતા, ત્યારે તેમનું એક જ સૂત્ર હતું – 'જ્યારે તમારી જરૂરિયાતો મર્યાદિત હોય છે, ત્યારે જીવન ખૂબ સરળ બની જાય છે.'

તેઓ હંમેશાં કહેતા કે, 'હું ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ભાગ નથી, હું ગામડાનો માણસ છું. અહીં કામ કરવા આવું છું અને પાછો મારા ગામ કે ફાર્મહાઉસ પર ચાલ્યો જાઉં છું.' પુણે પાસેના ખડકવાસલા અને ડોનાજે વિસ્તારના ૨૭ એકરના ફાર્મહાઉસમાં તેઓ પ્રકૃતિની વચ્ચે શાંતિપૂર્ણ જીવન જીવતા હતા.

સૈનિકો પ્રત્યેનો પ્રેમ અને સામાજિક સેવાની ભાવના

નાના પાટેકર માત્ર પડદા પર જ ક્રાંતિવીર નહોતા, પરંતુ વાસ્તવિક જીવનમાં પણ અસલી હીરો હતા.

ભારતીય સેના માટે સમર્પણ: ફિલ્મ 'પ્રહાર' માટે તેમણે મરાઠા લાઈટ ઈન્ફantry સાથે ૩ વર્ષ સખત ટ્રેનિંગ લીધી હતી. આ લગાવ એટલો ઊંડો હતો કે ૧૯૯૯ના કારગીલ યુદ્ધ દરમિયાન તેમણે સત્તાવાર રીતે પ્રાદેશિક સેના (Territorial Army) માં સેવા આપી હતી અને લેફ્ટનન્ટ કર્નલના પદ સુધી પહોંચ્યા હતા.

નામ ફાઉન્ડેશન (NAAM Foundation): મહારાષ્ટ્રના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં આત્મહત્યા કરનાર ખેડૂતોના પરિવારો અને તેમની વિધવાઓની વહારે તેમણે મિત્ર મકરંદ અનાસપુરે સાથે મળીને 'નામ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી હતી. તેમણે પોતાની કમાણીનો મોટો હિસ્સો ગરીબો અને અન્નદાતાઓની સેવામાં સમર્પિત કર્યો હતો.

અભિનયના આકાશમાં ધ્રુવના તારાની જેમ ચમકનાર નાના પાટેકર ભલે આજે શારીરિક રીતે આપણી વચ્ચે નથી રહ્યા, પરંતુ તેમના દમદાર ડાયલોગ્સ, તેમની અનોખી શૈલી અને માનવતાવાદી કાર્યો હંમેશાં જીવંત રહેશે.

માતૃભૂમિ અને કલા પ્રત્યેનું તેમનું સમર્પણ યુગો સુધી આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે.

ભાવભીની શ્રદ્ધાંજલિ! ઓમ શાંતિ!

**- ગ્રુપ એડિટર પવન માકન**

## લોકશાહીના ચીંથરા ઉડાડતી સૌથી મોટી પોલ ખોલ!

# જ્ઞાનેશકુમાર તો નરેન્દ્ર મોદીથી પણ ચાર કદમ આગળ નીકળી ગયા!

### ફોર્મ-6 વિવાદ પર સુપ્રીમ કોર્ટમાં ખુલ્લી પડી ચૂંટણી પંચની પોલ: શું જ્ઞાનેશકુમાર સીધા સુપ્રીમ કોર્ટ વિશે પણ સરેઆમ ખોટું બોલી રહ્યા હતા? "મતદાર યાદીમાંથી કોઈનું પણ નામ નોટિસ કે સાંભળવાની તક વગર કાઢી શકાય નહીં; જો લાખો નાગરિકો મતાધિકારથી વંચિત થાય તો તે સીધી મનમાની છે!" — જસ્ટિસ ઉજ્જલ ભુયાનનો ગર્જનાભર્યો ફંકાર!

નવી દિલ્હી / અમદાવાદ

દેશના રાજકીય અને ન્યાયિક જગતમાં ભૂકંપ સર્જાય તેવા ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે. ચૂંટણી પંચની કામગીરી અને દેશના મુખ્ય ચૂંટણી અધિકારીઓની વિશ્વસનીયતા પર હવે સીધા અને ગંભીર સવાલો ઊભા થયા છે. જ્યારે દેશભરમાં 'ફોર્મ-6' પર વિવાદનો તડકો મચ્યો હતો, ત્યારે જ્ઞાનેશકુમારે ગત 26 સપ્ટેમ્બર 2026ના રોજ એક સત્તાવાર પ્રેસ નોટ જારી કરીને દાવો કર્યો હતો કે, 'ફોર્મ 6 માં કરવામાં આવેલા ફેરફારો સીધા સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર કરવામાં આવ્યા છે!'

પરંતુ, આ દાવો પોકળ સાબિત થવામાં માત્ર થોડા જ દિવસો લાગ્યા. ગત 5 ઓક્ટોબર 2026ના રોજ સુપ્રીમ કોર્ટે અદાલતમાં સ્પષ્ટ અને કડક શબ્દોમાં ફટકાર લગાવતા કહ્યું: 'અમે ફોર્મ-6 માં કોઈપણ પ્રકારના ફેરફારોને ક્યારેય કોઈ મંજૂરી આપી જ નથી!'

લોકોના મતાધિકાર છીનવવાનું ગંભીર પાપ!

નવા ફોર્મ-6 માં એવો અત્યાચારી નિયમ લાદવામાં આવ્યો હતો કે લોકોએ જાહેર કરવું પડે કે તેઓ, તેમના માતાપિતા, દાદા-દાદી કે પરદાદા અગાઉના એસઆઈઆર એટલે કે SIR માં સૂચિબદ્ધ હતા કે નહીં! કાયદાની મર્યાદાઓ વટાવીને માત્ર મનસ્વી રીતે ફેરફારો કરવામાં આવ્યા, જેનો બે ચૂંટણી કમિશનરોએ પણ અંદરખાને સખત વાંધો ઉઠાવ્યો હતો.

આ સ્પષ્ટ થઈ ગયું છે કે જ્ઞાનેશકુમાર માત્ર પોતાની મરજી ચલાવી રહ્યા ન હતા, પરંતુ દેશના સર્વોચ્ચ ન્યાયાલય એટલે કે સુપ્રીમ કોર્ટના નામે સરેઆમ ખોટું બોલીને જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા હતા. જૂઠું બોલવામાં તો હવે જ્ઞાનેશકુમાર દેશના વડાપ્રધાનથી પણ આગળ નીકળી ગયા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે!



'બંધારણથી ઉપર કોઈ નથી!' – જસ્ટિસ ઉજ્જલ ભુયાનનો સણસણતો તમાચો

બીજી તરફ, આ જ વિવાદની વચ્ચે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ઉજ્જલ ભુયાને ગત 4 ઓક્ટોબર 2026ના રોજ હૈદરાબાદની પ્રખ્યાત નેલ્સાર યુનિવર્સિટીમાં એક વ્યાખ્યાન દરમિયાન ચૂંટણી પંચ અને સરકારના કાન આમળતા અત્યંત ધારદાર ટિપ્પણી કરી હતી. તેમણે ગર્જના કરતા કહ્યું હતું કે:

નામ કાપવાની મનમાની ગેરકાયદે: મતદાર યાદીમાં એકવાર નામ નોંધાઈ ગયા પછી, મૃત પામેલા મતદાર સિવાય કોઈનું પણ નામ નોટિસ આપ્યા વગર અને સાંભળવાની વાજબી તક આપ્યા વગર રદ કરી શકાય નહીં.

પ્રતિનિધિત્વ કાયદો: 'રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ, 1950' ની કલમ 22 માં સ્પષ્ટ જોગવાઈ છે કે મતદારને પોતાનો પક્ષ રાખવાની તક આપવી અનિવાર્ય છે. સુપ્રીમ કોર્ટના 'લાલ બાબુ હુસૈન' કેસમાં પણ આ સ્પષ્ટ માર્ગદર્શિકા નક્કી કરેલી છે.

સેકન્ડ-ક્લાસ નાગરિક બનાવવાની સાજીશ: જો કોઈ પ્રક્રિયાના કારણે લાખો-કરોડો ભારતીય નાગરિકો પોતાના જ દેશમાં મતાધિકાર વગરના એટલે કે સેકન્ડ-ક્લાસ નાગરિક બની જાય, તો આવી પ્રક્રિયા સ્વાભાવિક રીતે જ અત્યંત મનસ્વી છે.

મૂળભૂત અધિકાર અને બંધારણ: ભારતીય બંધારણ બે પ્રકારના નાગરિકો (મતાધિકાર વાળા અને વગર વાળા) ની પરવાનગી આપતું નથી. મત આપવાનો અધિકાર એ નાગરિકતાનો પ્રાણ છે, જે કલમ 326 માંથી નીકળતો બંધારણીય અધિકાર છે અને લોકશાહીના મૂળભૂત માળખાનો અભિન્ન અંગ છે.

### શું જ્ઞાનેશકુમારના ગાલે કરારો તમાચો નથી?

સુપ્રીમ કોર્ટના આ ખુલાસાઓ અને ન્યાયમૂર્તિની આ સણસણતી ટિપ્પણીઓ બાદ હવે સવાલ એ ઉઠે છે કે શું જ્ઞાનેશકુમાર દ્વારા લાખો લોકોને મતાધિકારથી વંચિત રાખવાનું આ કૃત્ય લોકશાહીની હત્યા સમાન નથી? શું જસ્ટિસ ઉજ્જલ ભુયાનના આ શબ્દો જ્ઞાનેશકુમારના ગાલે બેસાડેલો સીધો તમાચો નથી? દેશની જનતા હવે આ તાનાશાહી વલણ સામે સવાલોના જવાબ માંગી રહી છે!

# ગુજરાતના શાસકોની મેલી મથરાવટી અને કાળું સત્ય!

- ■ ગુજરાતમાં 'મેલા' પ્રથાનું કલંક અને સત્તાધીશોની બેરહમી: વિકાસના દાવાઓ પાછળ છુપાયેલી અમાનવીય વાસ્તવિકતાનો પર્દાફાશ!
- ■ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના ઉચ્ચારણોથી ગુજરાતના રાજકારણમાં ભૂકંપ: શું ગુજરાતમાંથી ખરેખર નાબૂદ થઈ છે 'માથે મેલું ઉપાડવાની' અમાનવીય પ્રથા?

ગુજરાતની ધરતી પર વિકાસના મસમોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ જ્યારે સામાજિક કુપ્રથાઓ અને વહીવટી ઉદાસીનતાની પરત ઉખેડવામાં આવે છે, ત્યારે જે સચોટ ચિત્ર બહાર આવે છે તે આત્મમંથન કરવા મજબૂર કરી દે તેવું છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા દ્વારા ઉચ્ચારવામાં આવેલા શબ્દો અને ગુજરાતના રાજકીય ચક્રવાતના કેન્દ્રબિંદુ સમાન 'મેલું' વિષય પર આજે રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. કાયદાનો ઈતિહાસ અને શંકરસિંહ સરકારનું પગલું, જ્યારે વાત 'મેલું' શબ્દ કે આ અમાનવીય પ્રથાની આવે છે, ત્યારે ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રીઓમાં શંકરસિંહ વાઘેલાને આ વિષે બોલવાનો સૌથી મોટો નૈતિક અધિકાર એટલા માટે છે કારણ કે, તેમની અને તેમના સાથી તત્કાલીન મુખ્યમંત્રી દિલીપભાઈ પરીખની સરકાર દરમિયાન ભારતમાં આ પ્રથા પર પ્રતિબંધ મુકતો પ્રથમ કાયદો ગુજરાતમાં અમલમાં આવ્યો હતો! માત્ર કાયદો જ નહીં, પરંતુ ગુજરાત સરકારે આ અંગે એક વિશિષ્ટ આયોગની રચના કરી હતી અને પ્રથમવાર બજેટમાં સફાઈકર્મીઓના પુનર્વસન માટે ૧૫૦ કરોડ રૂપિયા ફાળવવાની ઐતિહાસિક પહેલ કરી હતી. આ કાયદો બન્યા બાદ દેશના અન્ય ૧૮ રાજ્યોએ તેનો અમલ કર્યો હતો. જો કે, અગાઉ કેન્દ્ર સરકારે કાયદો બનાવ્યો હોવા છતાં જ્યાં સુધી રાજ્યની વિધાનસભા ઠરાવ પસાર ન કરે ત્યાં સુધી તે અમલમાં આવતો નથી, અને ગુજરાત તે દિશામાં પહેલ કરનાર પ્રથમ રાજ્ય બન્યું હતું.

### ન્યાયતંત્ર અને સામાજિક સંઘર્ષની ગાથા

આઝાદી પછી પહેલીવાર ૧૯૯૬-૯૭માં 'નવસર્જન ટ્રસ્ટ' દ્વારા આ ગંભીર મુદ્દે ગુજરાત વડી અદાલતમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. પત્રકાર રાજીવ શાહના અહેવાલો અને તત્કાલીન ન્યાયમૂર્તિ રમેશભાઈ મહેતાના નિર્ણય બાદ રચાયેલી સમિતિ (જેમાં હરુભાઈ મહેતા, ગિરીશભાઈ પટેલ અને બી.એન. વકીલ સભ્યો હતા) ના અહેવાલે સ્પષ્ટ કર્યું હતું કે ગુજરાતમાં માથે મેલું ઉપાડવાની પ્રથા વ્યાપક પ્રમાણમાં અસ્તિત્વમાં છે. બાદમાં કેન્દ્રમાં નરસિંહ રાવ અને મનમોહન સિંહની સરકારે આ મુદ્દાને ગંભીરતાથી લઈને 'LESSER HUMANS' (ગુજરાતીમાં 'વેંત છેટા') દસ્તાવેજી ફિલ્મ બનાવી અને આયોજન પંચ દ્વારા સફાઈ કામદારોના પુનર્વસન માટે ૧૦૦૦ કરોડ રૂપિયા ફાળવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. સૈયીદા હમીદ અને ભાલચંદ્ર મુંગેકર જેવા મહાનુભાવોનો આમાં અતિ મહત્વનો ફાળો રહ્યો હતો.

### વર્તમાન શાસકો સામે સળગતા સવાલો

આજે જો વર્તમાન મુખ્યમંત્રીને પૂછવામાં આવે કે શું ગુજરાતમાં હજુ પણ 'મેલું ઉપાડવાની પ્રથા' ચાલુ છે અને કેટલા લોકો આ કામમાં રોકાયેલા છે, તો કદાચ તંત્ર પાસે તેનો કોઈ સ્પષ્ટ અને સંતોષકારક જવાબ નહીં હોય. ભૂતકાળમાં પણ એવા સવાલો પૂછવામાં આવ્યા છે કે ગુજરાતના વિકાસના પુરાવારૂપે જ્યાં અસ્પૃશ્યતા સદંતર નાબૂદ થઈ હોય તેવા માત્ર એક ગામનું નામ આપો, પરંતુ ભાજપના શાસકો તેનો જવાબ આપી શક્યા નથી. ગુજરાતમાં જ્ઞાતિવાદનું ઝેર એટલી હદે વ્યાપેલું છે કે જ્યાં સુધી જ્ઞાતિવ્યવસ્થા આધારિત માનસિકતાનું શુદ્ધિકરણ નહીં થાય, ત્યાં સુધી સાચો વિકાસ કાગળ પર જ રહેશે. આદિવાસી ક્ષેત્રોની વાત હોય કે દલિતોના હકોની, રાજકીય પક્ષો દ્વારા માત્ર વોટબેંકની રાજનીતિ કરવામાં આવે છે.

### દલિત આંદોલનની કમજોરી અને રાજકીય સોગઠાબાજી

આજના રાજકારણનું સૌથી કાળું સત્ય એ છે કે દલિત આંદોલનો પાસે આજદિન સુધી કોઈ મજબૂત અને પરિપક્વ રાજકીય નેતૃત્વ નથી રહ્યું. ચૂંટણી જીત્યા બાદ દલિત ધારાસભ્યોના વેચાઈ જવાની વાતો ખુલ્લેઆમ થાય છે. દલિતોના નામે ફંડો મેળવતી સંસ્થાઓ અને દલિતોના હકોનું નિકંદન કાઢવા માટે દલિત નેતાઓને જ મોહરા બનાવવાની રમત ગુજરાતના રાજકારણમાં નામી-અનામી નેતાઓ દ્વારા ખેલાતી આવી છે.

# લગ્નમાં જાનૈયાઓ ઓછા અને પોલીસની ફોજ વધારે: દિલ્હીમાં શેની તૈયારી ચાલી રહી છે?

- ■ રાજધાનીમાં 15,000 દિલ્હી પોલીસના જવાનો અને કેન્દ્રીય અર્ધલશ્કરી દળોના 23,000 જવાનોનો મહા-પહેરો: 8થી 12 ઓક્ટોબર દરમિયાન સીપીએફની 221કંપનીઓ તૈનાત!
- ■ "કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તેવું બહાનુ આગળ ધરીને અસલમાં લોકશાહીના અવાજ અને જન-આંદોલનોને કચડી નાખવાની ચાલી રહી છે ખતરનાક પટકથા!"

અમદાવાદ

આજની આપણી એડિટર કૉલમનો વિષય માત્ર કોઈ સામાન્ય સમાચાર પૂરતો સીમિત નથી, પરંતુ દેશની રાજધાની દિલ્હીમાં આ સમયે જે ભયાનક અને ચોંકાવનારો સુરક્ષા ખડકાયો છે, તેના પર ગંભીર મનોમંથનનો છે. હાલ દિલ્હીના રસ્તાઓ અને ચોકડે-ચોકડે એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે કે જાણે દેશમાં કોઈ મેળો કે લગ્નસમારોહ ઓછો અને સુરક્ષા દળોની પરેડ વધુ ચાલી રહી હોય! કટાક્ષમાં કહીએ તો, કદાચ આજકાલના વીઆઈપી લગ્નોમાં જાનૈયાઓ ઓછા હોય છે, તેના કરતા અનેકગણા વધુ બેન્ડ્સ અને સુરક્ષા જવાનો દિલ્હીની ગલીઓમાં ઉતારી દેવામાં આવ્યા છે.

આંકડાઓ બોલે છે: દિલ્હી બની ગયું છે છાવણી!

આંકડાઓ પર નજર કરીએ તો રૂંવાડા ઊભા થઈ જાય તેવી સ્થિતિ છે. દિલ્હીમાં અત્યારે ૧૫,૦૦૦ પોલીસ કર્મચારીઓ સીધી રીતે ખડેપગ છે, અને તેમની સાથે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF) ના પૂરા ૨૩,૦ જવાનોને પણ મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા છે. આગામી ૮ થી ૧૨ ઓક્ટોબર સુધીના ખાસ દિવસો માટે દિલ્હીમાં સીપીએફની કુલ ૨૨૧ કંપનીઓનો કાફલો તૈનાત કરવામાં આવ્યો છે, જે કોઈ યુદ્ધના મેદાન જેવી સ્થિતિ ઊભી કરે છે.

આ મહા-કાફલાનું ગણિત જોઈએ તો આંખો ફાટી જાય તેમ છે: સીઆરપીએફ (CRPF): એકલા સીઆરપીએફની જ ૮૫ કંપનીઓ બોલાવવામાં આવી છે. એસએસબી (SSB) અને આરએએફ (RAF): એસએસબીની ૧૦ કંપનીઓ, રેપિડ એક્શન ફોર્સની ૭ કંપનીઓ તૈનાત છે.

આઈટીબીપી અને સીઆઈએસએફ: આઈટીબીપીની ૭ અને સીઆઈએસએફની ૧ કંપનીને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

અને આ તો માત્ર બહારથી બોલાવાયેલી ફોર્સ છે! દિલ્હી પોલીસ પાસે પહેલેથી જ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) ની ૪૧ કંપનીઓ, આઈટીબીપીની ૧૮, એસએસબીની ૧૬, આરએએફની ૧૩ અને સીઆરપીએફની ૧૨ કંપનીઓ અગાઉથી જ હાજર હતી જ.

દેશના અન્ય ખૂણેથી ખેંચી લાવ્યા સુરક્ષા દળો!

સવાલો ત્યાં ઊભા થાય છે કે આટલી બધી ફોર્સ ક્યાંથી અને શા માટે ખેંચી લાવવામાં આવી છે?

અમરનાથ યાત્રાની સુરક્ષા માટે તૈનાત સીઆરપીએફની ૮૫ કંપનીઓને અહીં ખેંચી લાવવામાં આવી છે.

જમ્મુ ક્ષેત્રમાં સંવેદનશીલ સરહદો પર તૈનાત ૧૩૭ કંપનીઓમાંથી ૨૦ કંપનીઓ અહીં લવાઈ છે.

ગત વર્ષે ઓક્ટોબરથી પશ્ચિમ બંગાળમાં સુરક્ષા માટે તૈનાત ૬૫ કંપનીઓમાંથી ૪૦ કંપનીઓને ઉઠાવીને દિલ્હી મોકલી દેવાઈ છે.

એટલું જ નહીં, છત્તીસગઢના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં નક્સલ વિરોધી ઓપરેશન માટે તૈનાત ૧૫૭ કંપનીઓમાંથી પણ ૨૨ કંપનીઓને અહીં ખસેડવામાં આવી છે!

असली मक़सद: जन-आंदोलनों का दमन?

તંત્ર ભલે ગમે તેટલા દાવા કરે કે આ બધું કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે કરવામાં આવી રહ્યું છે, પરંતુ દેશનો પ્રબુદ્ધ વર્ગ અને જનતા સારી રીતે જાણે છે આ બહાનાની આડમાં અસલી રમત કઈ રમાઈ રહી છે. આટલી વિશાળ ફોર્સ માત્ર તહેવારો કે સામાન્ય સુરક્ષા માટે નથી હોતી. આ સ્પષ્ટ સંકેત છે કે દેશના નાગરિકો દ્વારા ઉઠતા વિરોધના સ્વરો અને કોઈપણ સંભવિત જન-આંદોલનને કચડી નાખવા માટે સરકારે પોતાની તાકાતનું ભરપૂર પ્રદર્શન કરવાની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.

## ગુજરાતી સાહિત્યના આકાશનો તેજસ્વી ધ્રુવતારો અસ્ત પામ્યો: પ્રખ્યાત નવલકથાકાર ઈલા આરબ મહેતાનું દુઃખદ નિધન !

ગુજરાતી ભાષા અને સાહિત્ય જગતમાંથી એક એવું માતબર નામ વિદાય લઈ ચૂક્યું છે, જેણે પોતાના અનોખા લેખન દ્વારા દશકો સુધી વાચકોના હિલચાલ મચાવી દીધી હતી. ગુજરાતી સાહિત્યના જાણીતા અને મર્મવેધી નવલકથાકાર ઈલા આરબ મહેતાનું મુંબઈ ખાતે ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયું છે. તેમના નિધનના સમાચારથી ગુજરાત અને મુંબઈના સાહિત્યિક વર્તુળોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પરિવાર પ્રગતશીલ સાહિત્યકાર ઈલા આરબ મહેતાને અંતઃકરણપૂર્વક અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. ઈલા આરબ મહેતાનું સાહિત્ય સાથેનું જોડાણ લોહીગત અને વંશપરંપરાગત હતું. તેઓ ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત સાગરખેડૂ અને ઐતિહાસિક નવલકથાઓના શિરમોર સર્જક ગુણવંતરાય આચાર્યના સુપુત્રી હતા. પિતા પાસેથી મળેલો લેખનનો વારસો તેમણે ખૂબ જ યશસ્વી રીતે આગળ ધપાવ્યો. તેમણે પોતાના લેખનની શરૂઆત કરી ત્યારે જ સ્પષ્ટ થઈ ગયું હતું કે તેઓ ભીડથી અલગ તરી આવનાર અવાજ બનશે. તેમની નવલકથાઓ માત્ર મનોરંજન પૂરતી મર્યાદિત નહોતી, પરંતુ તે સમાજની કડવી વાસ્તવિકતાઓ અને માનવ મનની અતલ ઊંડાણોને સ્પર્શતી હતી.



### 'પાક્કો ગુજરાત'ના અહેવાલની જબરદસ્ત અસર

# જેતપુર-પાવીમાં અચાનક રેતી ખનન બંધ થવાથી તંત્ર સામે ઘાતક સવાલોની ઝડી!

છોટાઉદેપુરઃ

'પાક્કો ગુજરાત' અખબાર દ્વારા ઉજાગર કરવામાં આવેલા ભ્રષ્ટાચાર અને રેતી ખનનના ખુલાસા બાદ વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. જેતપુર-પાવી નજીક પુલની આસપાસ નદીના પટમાંથી ચાલી રહેલા મોટા પાયે ગેરકાયદે રેતી ખનન અંગે અહેવાલ પ્રસારિત થતાં જ તંત્ર અને ખનન માફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે અને અચાનક આખી કામગીરી બંધ કરી દેવામાં આવી છે!

અગાઉ જે નદીના પટમાં હિટાચી મશીનો અને ડમ્પરોની કતારો જોવા મળતી હતી અને બેફામ રેતી ઉપાડવામાં આવી રહી હતી, તે તમામ મશીનો અહેવાલ છપાતાની સાથે જ નજરે પડતા બંધ થઈ ગયા છે. આ અચાનક આવેલી ખશીથી સ્થાનિક ગ્રામજનો અને જાગૃત નાગરિકોમાં સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે–જો આ રેતી ખનન સંપૂર્ણપણે કાયદેસર અને મંજૂર થયેલું હતું, તો અહેવાલ બહાર આવતા જ તે અચાનક બંધ કેમ થઈ ગયું?

રેતી માફિયાઓ અને તંત્રની મિલીભગત પર ગંભીર સવાલો

'પાક્કો ગુજરાત'ના પર્દાફાશ બાદ હવે જનતા સીધેસીધા સવાલો પૂછી રહી છે કે જો કામમાં કોઈ ગેરરીતિ નહોતી, તો ભય શેનો?

મંજૂરીના કાગળો ક્યાં છે?: જો ખનન નિયમસર હતું, તો સંબંધિત ખાણ-ખનીજ વિભાગ કે તંત્ર દ્વારા આજદિન સુધી તેની લીઝ, મંજૂર જથ્થો અને શરતો અંગે જાહેર સ્પષ્ટતા કેમ કરવામાં આવી નથી?

મશીનો-ડમ્પરો ગાયબ કેમ થયા?: અહેવાલ પ્રસિદ્ધ થતાં જ ખનન સ્થળેથી મશીનરી રાતોરાત કેમ હટાવી લેવામાં આવી? શું તંત્ર અને માફિયાઓ વચ્ચે કોઈ અંદરખાને સાઠગાંઠ ચાલી રહી છે?

તંત્રની નજરથી રેતી કેવી રીતે છુપાઈ?: નદીના પટમાં આટલા મોટા પાયે ચાલતું ખનન શું સરકારી અધિકારીઓની આંખે ચઢ્યું નહોતું? કે પછી જાણી જોઈને આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હતા?

પુલની સલામતી દાવ પર: ખાણ-ખનીજ વિભાગે આપવો પડશે હિસાબ

જેતપુર-પાવી નજીક પુલની આસપાસ થઈ રહેલું આ અનિયમિત ખનન માત્ર ખનીજ ચોરી પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે પુલ અને નદીના કુદરતી પ્રવાહની સલામતી સામે પણ એક મોટો ખતરો છે. 'પાક્કો ગુજરાત'ના આ અહેવાલ બાદ હવે માત્ર કાગળ પરની તપાસથી કામ નહીં ચાલે, પરંતુ તંત્રએ સત્તાવાર રીતે સ્થળ પર ઉતરીને નીચેના મુદ્દાઓ પર દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવું પડશે:

પુલથી ખનન સ્થળનું ચોક્કસ અંતર કેટલું છે? (શું નિયમોના ધજાગરા ઉડાવાયા છે?)

મંજૂર લીઝ વિસ્તાર અને વાસ્તવિક ખનનમાં કેટલો તફાવત છે?

અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની કિંમતનો કેટલો રેતીનો જથ્થો ગેરકાયદે ઉસેડી લેવાયો છે?

શું રાત્રિના અંધારામાં પણ આ ખનનનો ખેલ બેરોકટોક ચાલુ હતો?

'પાક્કો ગુજરાત'ની ખુલ્લી ચેતવણી: હવે માત્ર કાગળ પર નહીં, સ્થળ પર તપાસ થવી જ જોઈએ!

અહેવાલ બાદ ભલે કામગીરી અસ્થાયી રૂપે રોકી દેવામાં આવી હોય, પરંતુ જનતા હવે ચૂપ બેસવાની નથી. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સ્પષ્ટપણે માંગ કરે છે કે ખાણ-ખનીજ વિભાગ વિલંબ કર્યા વિના તાત્કાલિક સ્થળ પર પહોંચીને પંચનામું કરે, માપણી કરે અને ગેરકાયદે ખનન કરનારા તત્વોનો પર્દાફાશ કરે.

જો તંત્ર હવે પણ આ મામલે આંખ આડા કાન કરશે અથવા માફિયાઓને બચાવવાના પ્રયાસો કરશે, તો આ અહેવાલની અસર માત્ર અખબારના પાનાં પૂરતી સીમિત નહીં રહે, પરંતુ જનતાનો રોષ ઉગ્ર આંદોલનનું સ્વરૂપ ધારણ કરી લેશે.

હવે સવાલ એ છે કે–શું તંત્ર પોતાની નિદ્રામાંથી જાગીને સત્ય બહાર લાવશે, કે પછી ભ્રષ્ટાચારીઓને છાવરવાનો સિલસિલો યથાવત રહેશે?



### છોટાઉદેપુર જિલ્લામાં

# ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ શરૂ

## 18 વર્ષ પૂર્ણ કરનાર યુવાનો મતદાર યાદીમાં નામ નોંધાવે: જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનની જાહેર અપીલ



છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા ચૂંટણી શાખા દ્વારા સમગ્ર જિલ્લામાં ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ગાર્ગી જૈન (આઈ.એ.એસ.) દ્વારા જિલ્લાના તમામ લાયકાત ધરાવતા નાગરિકો તેમજ યુવા મતદારોને આ ઝુંબેશનો મહત્તમ લાભ લઈ મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવવા અપીલ કરવામાં આવી છે.

કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, જે નાગરિકોએ ૧૮ વર્ષ પૂર્ણ કર્યા છે અથવા જેઓનું નામ હજુ સુધી મતદાર યાદીમાં નોંધાવવાનું બાકી રહી ગયું છે, તેઓ માટે આ સુવર્ણ તક છે. મતદાર યાદીમાં નામ નોંધાવવું એ મતાધિકારના ઉપયોગ તરફનું સૌથી પ્રથમ અને પાયાનું પગલું છે.

ઝુંબેશની મુખ્ય વિગતો અને આયોજન:

ઝુંબેશની તારીખો: ૧૧ ઓક્ટોબર, ૧૮ ઓક્ટોબર, ૨૫ ઓક્ટોબર અને ૧ નવેમ્બર

સમય: સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી

સ્થળ: નાગરિકોના સંબંધિત નજીકના નિયત મતદાન મથક

બી.એલ.ઓ.ની ઉપસ્થિતિ: નિયત તારીખો દરમિયાન તમામ મતદાન મથકો પર BLO (બૂથ લેવલ ઑફિસર) જરૂરી ફોર્મ્સ અને માર્ગદર્શન સાથે હાજર રહેશે.

ફોર્મ નંબર-૬: નવા મતદાર તરીકે નોંધણી કરાવવા માટે અરજદારે 'ફોર્મ નંબર-૬' ભરી જરૂરી પુરાવા સાથે જમા કરાવવાનું રહેશે.

સહાયતા હેલ્પલાઈન: આ સંદર્ભે વિશેષ માહિતી અથવા સહાય મેળવવા માટે મતદારો ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકે છે.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ લાયકાત ધરાવતા યુવાનો અને નાગરિકોને સમયસર મતદાન મથકે પહોંચી મતદાર યાદીમાં નામ નોંધાવી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### બજાર સમિતિ પાસે લોખંડના ગડરના પોલો નમી જતાં અકસ્માત તથા જાનહાની નો ભય

# સાધલીમાં વીજ કંપનીના જવાબદાર લાઇનમેન ના હોવાના કારણે માત્ર હેલ્પરોના ભરોસે સાધલી

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકામાં સાધલી ગામ વેપાર ધંધા તથા આજુબાજુના ગામો માટે મહત્વનું સેન્ટર છે. અને 66 કેવી સબ સ્ટેશન આવેલ છે. સાધલી પેટ્રોલ પંપ ની સામે અને બજાર સમિતિની બાજુમાં ,શંકર પાર્ક પાસે સાધલી ટાઉન માટે જરૂરી લોખંડના ગડરના થાંભલા નમી ગયા છે અને તેના તાર ઝોલા ખાઈ રહ્યા છે, એટલે કે લબડી ગયા છે. આ લોખંડના ગડર પર લાઈટ બંધ કરવા કે ચાલુ કરવા એબી સ્વીચ છે. જેનાથી કોઈપણ સમયે આગળ કામ કરવું હોય તો લાઈટો ચાલુ કે બંધ આ ગટર ઉપરથી થાય છે. આ બંને ગડરો નમી ગયા છે,



અને જો કદાચ વાવાઝોડું કે અન્ય કારણોસર પડી જાય તો સમગ્ર ગામમાં અંધાર પર છવાઈ જાય તેમ છે. સાથોસાથ બજાર સમિતિ માં વજન કરાવવા માટે કોઈપણ મોટું વાહન આવે તો આ ઝોલા ખાઈ લબડી ગયેલા વિદ્યુત તારના કારણે મોતનો સામાન બની શકે તેમ છે, અને જાનહાનિ નો ભય છે. બજાર સમિતિએ રોડ ઉપર બનાવેલ 12 નવી દુકાનો માટે પણ આ પોલ પડે તો મોટું નુકસાન થાય તેમ છે.

સાધલીમાં હાલ માત્ર બે હેલ્પરો ના ભરોસે વીજ કંપની ચાલી રહી છે, લાઈનમેન તથા આસિસ્ટન્ટ લાઈનમેન જેવી જવાબદાર પોસ્ટો ખાલી છે. સાધલી બેલ્ટમાં કોઈ પણ લાઈન મેન નથી, જેથી લાઈટોમાં કોઈ મોટી ગરબડ થાય તો વીજ કંપનીના જવાબદાર કોઈ ના હોવાના કારણે લોકોને ભોગ બનવું પડે તેમ છે. વીજ કંપની તાત્કાલિક ખાલી જગ્યાઓ ભરે અને આ નમી ગયેલા લોખંડના ગટરને સીધા બનાવે તેવી માંગ છે.

### મુખ્ય સૂત્રધાર સહિત 9 આરોપી ઝડપાયા

# સુરતમાં ટ્રાન્સપોર્ટ પેઢીમાં રૂ.10.84 કરોડની ઉચાપત

સુરત

સુરત ક્રાઈમ બ્રાન્ચના ઈકો સેલે ટ્રાન્સપોર્ટ પેઢીમાં રૂ.10.84 કરોડની ઉચાપતના કેસમાં ત્રણ મહિલા સહિત 9 આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ એકબીજાની મદદગારીથી ટ્રાન્સપોર્ટ પેઢીના નામે કરોડોની ઉચાપત કરી હોવાનો આક્ષેપ છે.

ફરિયાદ મુજબ, આરોપીઓએ ખોટા ટ્રાન્જેક્શન, દસ્તાવેજો, બિલ અને વાઉચરો તૈયાર કરી કંપનીના નાણાં અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા. કંપનીના બિલોની તપાસ દરમિયાન નાણાકીય ગેરરીતિ સામે આવતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો.



આ અંગે ડુમ્મસ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ તપાસ સુરત ક્રાઈમ બ્રાન્ચના ઈકો સેલને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસે મુખ્ય સૂત્રધાર સહિત 9 આરોપીઓને ઝડપી પાડ્યા છે.

પોલીસની તપાસમાં બેન્ક વ્યવહારો, ફ્યુઅલ કાર્ડના ઉપયોગ, કથિત ખોટા બિલો અને અન્ય દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે. સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

# ન્યૂયોર્ક બાદ પેરિસ ફેશન શોમાં ભારતીય આભૂષણો અને પોષાક દ્વારા વિદેશમાં છવાઈ નિધિ શાહ

## ભારતીય સંસ્કૃતિની મહેક એટલે પરંપરાગત આભૂષણોના વૈભવ ને વૈશ્વિક ઓળખ આપવી

વિરમગામ, (વંદના નીલકંઠ વાસુકિયા)

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં સતત ત્રીજા વર્ષે તાજેતરમાં યોજાયેલ ફેશન-શો માં નવરાત્રીના ચણિયાચોળીની ભાતીગળ ડિઝાઈન આધારીત થીમથી સફળતા પ્રાપ્ત કરી 'ARNI Fashion Design' દ્વારા નોર્થ કેરોલીના (શાર્લોટ શહેર) સ્થિત અમદાવાદની ફેશન ડિઝાઈનર નીધિ શાહ વોરાએ ફરી એક વાર ફ્રાંસના પેરિસ શહેરમાં યોજાયેલ "મિલાન ફેશન-વીક" માં અમેરિકા સ્થિત ભારતીય મોડલ દ્વારા ભારતીય સંસ્કૃતિની મહેકને પરંપરાગત દુલ્હન આભૂષણો અને પોષાક દ્વારા વૈશ્વિક ઓળખ અપાવી છે. જેનાથી ભારતીય મૂળના નિવાસીઓ તથા ફેશન પ્રેમી વિદેશીઓએ અભિભૂત થઈ પ્રશંસીત કરી હતી. અમેરિકા સ્થિત નિધિ શાહ વોરા એ પોતાની ફેશન ડિઝાઈનની કાબેલીયત અને સૂઝબૂઝથી ન્યુયોર્ક બાદ પેરિસ ખાતે ભારતીય સંસ્કૃતિની દુલ્હન જ્વેલરી ડિઝાઈન તથા પોશાકને વૈશ્વિક વિરાસત તરીકેની સંપન્નતા બક્ષી અમદાવાદ શહેરને આગવી ઓળખ અપાવી લોકચાહના પ્રાપ્ત કરેલ છે 'ARNI Fashion' દ્વારા રજુ થયેલ મોડેલ્સને વિશ્વના અગ્રીમ ફેશન મેગેઝીનમાં સ્થાન મળેલ છે જેને વૈશ્વિક મીડિયાએ પણ નોંધ લીધેલ છે નિધિ શાહ ARNI Fashion ધ્વારા આગામી નવેમ્બર ૨૦૨૬ માં દુબઈ ખાતે યોજાનાર ફેશન-શો માં ભારતીય પરંપરાની વધુ એક ઓળખ આપવા જઈ રહેલ છે.



# દીવના નાગવા બીચ પર મૃત ડોલ્ફિન મળી: સ્થાનિકોએ દફનવિધિ શરૂ કરી, મોતનું કારણ અકબંધ; તંત્રને જાણ કરાઈ



ઉના, કૈલેશ ભટ્ટ

દીવના સુપ્રસિદ્ધ નાગવા બીચના દરિયાકિનારે વહેલી સવારે એક મૃત ડોલ્ફિન મળી આવી હતી. દરિયા કિનારે ફરવા નીકળેલા સ્થાનિકોએ ડોલ્ફિનનો મૃતદેહ જોયો અને અન્ય લોકોને જાણ કરી.

મૃત ડોલ્ફિન મળ્યાની જાણ થતાં સ્થાનિક લોકોએ તેના મૃતદેહને દરિયા કિનારેથી દૂર કરી યોગ્ય રીતે દફન કરવાની કામગીરી શરૂ કરી. આ અંગે સંબંધિત તંત્રને પણ જાણ કરવામાં આવી છે.

જોકે, ડોલ્ફિનનું મોત કયા કારણોસર થયું તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. તેનું મોત કુદરતી કારણોસર થયું છે કે અન્ય કોઈ કારણસર, તે તપાસ બાદ જ જાણી શકાશે.

ડોલ્ફિન દરિયાઈ જીવસૃષ્ટિ માટે મહત્વપૂર્ણ હોવાથી આ ઘટનાને પગલે દરિયાઈ પર્યાવરણ અને ડોલ્ફિનના સંરક્ષણ અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

# કોડીન કફ સિરપની 13,938 બોટલ જપ્ત: કરજણની ફાર્મા પેઢી સીલ, દવાના પરવાના કાયમી રદ કરાયા

## વડોદરા-સુરતમાં FDCAની કાર્યવાહી; 27.8 લાખની કફ સિરપ, ટ્રામાડોલ સહિત 11.26 લાખથી વધુનો જથ્થો ઝડપાયો, ઓનલાઈન ગેરકાયદે દવા વેચાણના પુરાવા પણ મળ્યા

વડોદરા

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચના અને FDCAના માર્ગદર્શન હેઠળ વડોદરા તથા સુરત જિલ્લામાં ગેરકાયદે દવાઓના સંગ્રહ અને વેચાણ સામે કાર્યવાહી કરવામાં આવી છે. મહારાષ્ટ્ર NCBની બાતમીના આધારે કરજણની મેસર્સ ચામુંડા ફાર્મા પર દરોડો પાડી ANREX (Codeine) કફ સિરપની 13,938 બોટલો, અંદાજિત રૂ.27.8 લાખ તથા TRAMADOLની 12,240 ટેબ્લેટ્સ, અંદાજિત રૂ.50 હજારનો જથ્થો જપ્ત કરાયો છે. પેઢીને સીલ કરી તેના 20B અને 21B વેચાણ પરવાના 1 ઓક્ટોબર 2026થી કાયમી ધોરણે રદ કરાયા છે.કરજણની મેસર્સ માજીસા મેડિકલ સ્ટોર્સની તપાસમાં NDPS ઘટક ધરાવતી LOMOTIL ટેબ્લેટ્સ મળી હતી. રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટની ગેરહાજરી અને દવાઓ માટેનું ફ્રિજ બંધ હોવા સહિતની ક્ષતિઓ સામે આવી હતી. પગલાંરૂપે પેઢીના છૂટક દવાના વેચાણ પરવાના 5 ઓક્ટોબર 2026થી કાયમી ધોરણે રદ કરાયા છે.

સુરતના વરાછાની મેસર્સ ડર્મેટીક્સ ઈન્ડિયા પર 1 ઓક્ટોબરે કરાયેલી તપાસમાં માન્ય ડ્રગ લાઈસન્સ વિના વેબસાઈટ મારફતે દવાઓનું વેચાણ થતું હોવાનું સામે આવ્યું હતું. સ્થળ પરથી Sildenafil, Minoxidil અને Ketoconazoleનો રૂ.11.26 લાખથી વધુનો જથ્થો જપ્ત કરી નમૂનાઓ સરકારી લેબોરેટરી FDL, વડોદરા ખાતે મોકલાયા છે. જ્યારે મોટા વરાછાની મેસર્સ ક્યારા ઈન્ટરનેશનલની 3 ઓક્ટોબરની તપાસમાં Meesho પર 'Sildenafil Ayurvedic' નામે એલોપેથિક દવાઓનું ગેરકાયદે વેચાણ કરવાના ડિજિટલ પુરાવા મળ્યા છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે ઓનલાઈન પ્લેટફોર્મ કે ખાનગી વેબસાઈટ મારફતે પ્રિસ્ક્રિપ્શન વગરની દવાઓ તથા 'આયુર્વેદિક' નામે Sildenafil જેવી એલોપેથિક દવાઓનું વેચાણ ગંભીર ગુનો છે. આવા ગેરકાયદે વેચાણ પર સાયબર સેલ અને FDCA દ્વારા ડિજિટલ મોનિટરિંગ સહિતની કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# સુરતના ખટોદરામાં કાપડ ઉધોગમાં રૂ.15.57 કરોડની છેતરપિંડી, બે આરોપી ઝડપાયા

સુરત

સુરત ક્રાઈમ બ્રાન્ચના ઈકો સેલે ખટોદરા વિસ્તારમાં કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલી કંપનીમાં રૂ.15.57 કરોડની છેતરપિંડી અને વિશ્વાસઘાતના કેસમાં બે આરોપીની ધરપકડ કરી છે. પોલીસે સંજય કાછડીયા અને અશોક કાછડીયાને ઝડપી પાડી તેમની સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, બંને આરોપીઓ ફરિયાદીની કંપનીમાં કામ કરતા હતા. કંપનીમાં નોકરી દરમિયાન તેમને કાપડના માલની ખરીદી-વેચાણ અને વ્યવહારો અંગેની જવાબદારી સોંપવામાં આવી હતી. આ દરમિયાન બંનેએ કથિત રીતે કંપનીનો કાપડનો માલ બારોબાર અન્ય વેપારીઓને વેચી દીધો હતો. માલ વેચવાના બદલામાં મળેલી કરોડો રૂપિયાની રકમ કંપનીના હિસાબમાં જમા કરાવવાને બદલે આરોપીઓએ પોતાના કબજામાં રાખી હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. કંપનીના હિસાબો અને સ્ટોકની તપાસ દરમિયાન માલ તથા નાણાકીય વ્યવહારોમાં ગોટાળો જણાતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

### છોટાઉદેપુર LCB ની કાર્યવાહી

# સંખેડા પ્રોહિબિશન ગુનામાં ત્રણ મહિનાથી નાસતો-ફરતો આરોપી પીપલેજ પાસેથી ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા સંખેડા પોલીસ સ્ટેશનના વિદેશી દારૂના ગુનામાં છેલ્લા ત્રણ માસથી નાસતા-ફરતા આરોપીને પીપલેજ ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપ સિંહ તથા છોટાઉદેપુર પોલીસ અધિક્ષક ઈમ્તીયાઝ શેખ દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડવા આપેલી સૂચના મુજબ, LCB પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એફ. ડામોરના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પીપલેજ ગામના ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી આરોપીને કોર્ડન કરી ઝડપી લેવાયો હતો. પકડાયેલ




આરોપીનું નામ: શંકરભાઈ લવિંગભાઈ રાઠવા (રહે. લુણી, વચલા ફળીયા, તા.જી. છોટાઉદેપુર) ગુનાની વિગત: સંખેડા પોલીસ સ્ટેશન સી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૪૦૦૯૨૬૧૦૩૦/૨૦૨૬, પ્રોહીબિશન કલમ ૬૫ (એ)(ઈ), ૮૧, ૮૩ આશરે ત્રણ મહિના અગાઉ ભાટપુરના વિકેશ ઉર્ફે મુકેશ તડવી સામે નોંધાયેલા વિદેશી દારૂના કેસમાં શંકર રાઠવાનું નામ ખુલ્યું હતું. ધરપકડની બીકે તે નાસતો-ફરતો હતો. પોલીસે BNSS ની કલમ ૩૫(૧) (જે) મુજબ તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું 75 વર્ષની વયે નિધન



## ફિલ્મ જગતમાં શોકનો માહોલ

મુંબઈ

મનોરંજન જગતમાંથી એક ખૂબ જ દુ:ખદ અને આંચકાજનક સમાચાર પ્રકાશમાં આવ્યા છે. પોતાના બુલંદ અવાજ, તીક્ષ્ણ સંવાદ અદાકારી અને જીવંત અભિનયથી અબાલવૃદ્ધ સૌના દિલ પર રાજ કરનાર જ્યેષ્ઠ અભિનેતા નાના પાટેકરનું 75 વર્ષની વયે અવસાન થયું છે. ગોવા સ્થિત તેમના નિવાસસ્થાને અચાનક હૃદયરોગનો ગંભીર હુમલો આવ્યા બાદ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનના વાવડ મળતા જ મરાઠી તેમજ હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં અને ચાહકવર્ગમાં ભારે શોકની લાગણી છવાઈ છે. નોંધનીય છે કે, નાના પાટેકરના પુત્ર મલ્હાર પાટેકરે પણ આ દુ:ખદ સમાચારની પુષ્ટિ કરી છે. તેમના નિધનના સમાચારથી બોલિવૂડ અને મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સહિત સમગ્ર દેશમાં શોકની લહેર ફરી વળી છે. આજે વહેલી સવારે ગોવા સ્થિત તેમના નિવાસસ્થાને તેઓ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. ત્યારબાદ તેમને તુરંત જ મણિપાલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરોએ સવારે 5:20 વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. અભિનયની અદભૂત ક્ષમતાના જોરે નાના પાટેકરે મરાઠી થિયેટરથી લઈને હિન્દી ફિલ્મ ઉદ્યોગ સુધી પોતાની એક આગવી ઓળખ ઊભી કરી હતી. તેઓ તેમના સંવાદોની પ્રભાવશાળી રજૂઆત અને સંવેદનશીલ તથા વાસ્તવિક અભિનય શૈલી માટે ખૂબ જાણીતા હતા. 'નટસમ્રાટ'માં ભજવેલા યાદગાર પાત્ર સહિત અનેક પ્રખ્યાત ભૂમિકાઓ દ્વારા તેમણે પોતાની અભિનય પ્રતિભાનો પરિચય આપ્યો હતો.

### 4 દિવસ પહેલાં કહ્યું હતું- 'ખબર નથી, કાલે હોંઉ કે નહીં'; ગોવામાં અંતિમ દર્શન

દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું 8 ઓક્ટોબર, 2026ને ગુરુવારે સવારે નિધન થયું. તેમને ગોવા સ્થિત ઘરમાં કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. તેમને લગભગ 45 મિનિટ સુધી CPR આપવામાં આવ્યું, પરંતુ તેમને બચાવી શકાયા નહીં. નાના પાટેકરના અંતિમ સંસ્કારની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પુણેમાં સાંજે 7 વાગ્યે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. મણિપાલ હોસ્પિટલના ડૉ. શેખર સાલકરના જણાવ્યા અનુસાર નાના પાટેકરનું સવારે 5:20 વાગ્યે નિધન થયું. ઘટના સમયે નાના સાથે ઘરમાં પરિવારનો કોઈ સભ્ય નહોતો. તેમના મિત્રો અને કેરટેકર હાજર હતા. હવે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. 4 ઑક્ટોબરે નાના પાટેકર ગોવાના ડોના પૌલા ખાતે એક કાર્યક્રમમાં સામેલ થયા હતા. કાર્યક્રમનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ ડ્રમ વગાડતા, ડાન્સ કરતા અને મસ્તી કરતા જોવા મળ્યા. તેમણે કહ્યું હતું- "આપણે સૌએ એક દિવસ જવાનું છે, ખબર નથી કે હું કાલે અહીં હોઈશ કે નહીં." ડૉ. શેખરે જણાવ્યું કે રાત્રે લગભગ 2:30 વાગ્યે નાનાએ એક મિત્રને મેસેજ કરીને તબિયત સારી ન લાગતી હોવાની વાત કરી હતી. મિત્રએ તે સમયે મેસેજ જોયો નહોતો. બાદમાં ફોન કર્યા પછી તે લગભગ 4 વાગ્યે નાનાના ઘરે પહોંચ્યા.

## પૂણેમાં 'નાનાચી વાડી'માં રાજકીય સન્માન સાથે કરાશે અંતિમ વિધિ



દિગ્ગજ અભિનેતા નાના પાટેકરના આકસ્મિક નિધન બાદ સમગ્ર દેશ શોકમગ્ન છે. ગુરુવારે વહેલી સવારે ગોવામાં લીધેલા અંતિમ શ્વાસ બાદ હવે પૂણેમાં તેમની અંતિમ વિધિ કરાશે. ગોવા મેડિકલ કોલેજ ખાતે કાયદાકીય પ્રક્રિયા અને પોસ્ટમોર્ટમ પૂર્ણ થયા બાદ નાના પાટેકરના પાર્થિવ દેહને એર એમ્બ્યુલન્સ મારફતે પૂણે લાવવામાં આવી રહ્યો છે. પૂણેના ડોંજે સ્થિત તેમના પ્રિય ફાર્મ હાઉસ 'નાનાચી વાડી' ખાતે મહારાષ્ટ્ર સરકાર દ્વારા સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. નાના પાટેકરના પાર્થિવ શરીરને ગોવાના મનોહર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લઈ જવામાં આવ્યું હતું. ત્યાંથી વિશેષ એર એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને પૂણે લાવવામાં આવી રહ્યો છે. પૂણે એરપોર્ટથી સીધો પાર્થિવ દેહ ડોંજે સ્થિત ફાર્મ હાઉસ લઈ જવાશે. પુત્ર મલ્હાર પાટેકર ગોવા પહોંચ્યા બાદ તમામ મેડિકલ અને કાનૂની ઔપચારિકતાઓ પૂરી કરવામાં આવી હતી. ગોવા મેડિકલ કોલેજ પરિસરમાં થોડા સમય માટે સ્થાનિક લોકો અને પરિચિતો માટે અંતિમ દર્શન રાખવામાં આવ્યા હતા અને બાદમાં એમ્બ્યુલન્સ મારફતે એરપોર્ટ ખસેડાયો હતો. ઉલ્લેખનીય છે કે 75 વર્ષીય નાના પાટેકરને ગોવાના ફ્લેટમાં અચાનક છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો અને તેઓ બેભાન મળ્યા હતા. તેમને તાત્કાલિક મણિપાલ હોસ્પિટલ લઈ જવાયા હતા. હોસ્પિટલના ઓન્કોલોજી વિભાગના વડા ડૉ. શેખર સાલકરના જણાવ્યા મુજબ, તબીબોએ સતત 45 મિનિટ સુધી CPR આપીને તેમને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ રિસ્પોન્સ ન મળતાં સવારે 5:20 વાગ્યે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

### 4 દિવસ પહેલાં કહ્યું હતું- 'ખબર નથી, કાલે હોંઉ કે નહીં'; ગોવામાં અંતિમ દર્શન

દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું 8 ઓક્ટોબર, 2026ને ગુરુવારે સવારે નિધન થયું. તેમને ગોવા સ્થિત ઘરમાં કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. તેમને લગભગ 45 મિનિટ સુધી CPR આપવામાં આવ્યું, પરંતુ તેમને બચાવી શકાયા નહીં. નાના પાટેકરના અંતિમ સંસ્કારની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પુણેમાં સાંજે 7 વાગ્યે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. મણિપાલ હોસ્પિટલના ડૉ. શેખર સાલકરના જણાવ્યા અનુસાર નાના પાટેકરનું સવારે 5:20 વાગ્યે નિધન થયું. ઘટના સમયે નાના સાથે ઘરમાં પરિવારનો કોઈ સભ્ય નહોતો. તેમના મિત્રો અને કેરટેકર હાજર હતા. હવે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. 4 ઑક્ટોબરે નાના પાટેકર ગોવાના ડોના પૌલા ખાતે એક કાર્યક્રમમાં સામેલ થયા હતા. કાર્યક્રમનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ ડ્રમ વગાડતા, ડાન્સ કરતા અને મસ્તી કરતા જોવા મળ્યા. તેમણે કહ્યું હતું- "આપણે સૌએ એક દિવસ જવાનું છે, ખબર નથી કે હું કાલે અહીં હોઈશ કે નહીં." ત્યારબાદ કેરટેકરને હોસ્પિટલ મોકલવામાં આવ્યા અને એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી. ઈમરજન્સી ટીમ ઘરે પહોંચી ત્યારે નાનાં સંપૂર્ણપણે પ્રતિસાદ-વિહોણા (નોન-રિએક્ટિવ) હતા.

### ■ વડાપ્રધાન મોદીએ શ્રદ્ધાંજલિ પાઠવી

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના બીજા દિવસે પીએમ મોદીએ કહ્યું કે, 'નાના અસાધારણ કલાકાર હતા, જેમણે અલગ-અલગ પાત્રો દ્વારા દર્શકોના દિલમાં સ્થાન બનાવ્યું.' પીએમ મોદીએ કહ્યું કે, 'નાના પાટેકરજીનું જીવન તિરંગાની આન, બાન અને શાન માટે સમર્પિત રહ્યું. તેઓ બંધનોમાં રહ્યા નહીં, પરંતુ પક્ષીની જેમ ફિલ્મોના આકાશમાં ઉડ્યા. તેમણે સમાજમાં વ્યાપેલી વ્યવસ્થા પર પોતાની ફિલ્મો દ્વારા આકરો પ્રહાર કર્યો.' તેમણે આગળ કહ્યું કે, 'તેઓ એવા ક્રાંતિવીર હતા, જેમણે બુરાઈઓ વિરુદ્ધ કામ કર્યું. હું નાના પાટેકરજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને તેમના પરિવારજનો તથા પ્રશંસકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું.'

### ■ રાહુલએ કહ્યું- દર્શકોના દિલોમાં અમીટ છાપ છોડી

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું, "પ્રસિદ્ધ અભિનેતા નાના પાટેકરજીના નિધનના સમાચાર અત્યંત દુ:ખદ છે. પોતાના અભિનય અને પાત્રો દ્વારા તેમણે ભારતીય સિનેમા પર અને દર્શકોના દિલોમાં અમીટ છાપ છોડી છે. આ દુ:ખની ઘડીમાં મારી ઊંડી સંવેદનાઓ તેમના શોકગ્રસ્ત પરિવારજનો, મિત્રો અને સમર્થકો સાથે છે."

### ■ અક્ષય કુમારે કહ્યું- તમારી યાદોને હંમેશા મારા દિલની નજીક રાખીશ

અક્ષય કુમારે કહ્યું, 'નાનાજીના નિધનના સમાચારથી ખૂબ દુ:ખી છું. તેઓ એવા પસંદગીના કલાકારોમાંના એક હતા, જેમને રોકાઈને જોવા માટે તમારે ઘણું કરવાની જરૂર પડતી નહોતી. હું પોતાને નસીબદાર માનું છું કે મને તેમની સાથે (વેલકમ) અને તાજેતરમાં (હાઉસફુલ 5)માં કામ કરવાની તક મળી. આ બંને ફિલ્મોના સેટની ઘણી બધી યાદો છે, જેને હું હંમેશા મારા દિલની નજીક રાખીશ.'

### ■ રિતેશ દેશમુખ બોલ્યા- એક યુગનો અંત

મારી પાસે શબ્દો નથી. નાના પાટેકરજીના નિધનના સમાચારથી એવું લાગી રહ્યું છે, જાણે મારા પરથી કોઈ ટ્રક પસાર થઈ ગયો હોય. હું ખૂબ જ દુ:ખી છું. તેઓ એક અદભુત અભિનેતા હતા અને તેમનો કોઈ મુકાબલો નહોતો. તેઓ પડદાની બહાર પણ હીરો હતા. લોકોની ભલાઈ માટે તેમણે પોતાની ચેરિટી દ્વારા સતત કામ કર્યું.

### ■ ઉદિત નારાયણ બોલ્યા- 'નાનાના નિધનના સમાચાર સાંભળીને હું હચમચી ગયો છું'

વાતચીતમાં સિંગર ઉદિત નારાયણે નાના પાટેકરના નિધન પર દુ:ખ વ્યક્ત કરતાં કહ્યું કે, 'સવાર-સવારમાં આ સમાચાર સાંભળીને મને વિશ્વાસ જ નહોતો થયો.' તેમણે આગળ કહ્યું કે, '75 વર્ષની ઉંમરે નાનાનું અવસાન ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને દેશ માટે ખૂબ મોટી ખોટ છે. અભિનેતા તરીકે તેમનો કોઈ જવાબ નહોતો અને વ્યક્તિ તરીકે પણ તેમનું વ્યક્તિત્વ અદભુત હતું. ઉદિતે જણાવ્યું કે તેમને નાના સાથે કામ કરવાની તક મળી હતી. એક ફિલ્મના રેકોર્ડિંગ દરમિયાન નાનાએ પોતે માઈક પર ગાઈને જણાવ્યું હતું કે તેઓ ગીતને કેવી રીતે ઈચ્છે છે. ઉદિતે તેમના માટે એક જ ટેકમાં ગીત ગાયું, ત્યારબાદ નાનાએ તેમની પ્રશંસા કરી હતી. તેમણે 'તિરંગા'માં પણ નાના સાથે કામ કરવાની યાદો શેર કરી.

### ■ જુનિયર NTR બોલ્યા- 'દરેક પાત્રમાં ઈમાનદારી દેખાતી હતી'

સાઉથ સ્ટાર જુનિયર NTRએ નાનાને ભારતીય સિનેમાના શ્રેષ્ઠ કલાકારોમાંના એક ગણાવ્યા. તેણે કહ્યું કે, 'નાનાના દરેક પાત્રમાં એક ખાસ ઈમાનદારી અને ઈન્ટેન્સિટી જોવા મળતી હતી. તેમનું પર્ફોર્મન્સ અભિનય જેવું નહીં, પરંતુ પડદા પર જીવન સાકાર થતું હોય એવું લાગતું હતું.' NTRએ કહ્યું કે, 'ભારતીય સિનેમામાં નાનાનું યોગદાન પેઢીઓ સુધી યાદ કરવામાં આવશે.'

### ■ પ્રકાશ રાજ બોલ્યા- 'વાતચીત અને ચર્ચાઓ હંમેશાં યાદ રહેશે'

એક્ટર પ્રકાશ રાજે નાનાને યાદ કરતાં કહ્યું કે, 'હું તેમની સાથે વિતાવેલી ક્ષણો, વાતચીત, ચર્ચાઓ અને નાનાના હાથનું બનાવેલું ભોજન હંમેશાં યાદ રાખીશ.' તેમણે નાના પાસેથી મળેલા બોધને પણ યાદ કર્યો અને કહ્યું કે, 'મારા જીવનમાં આવવા બદલ હું હંમેશાં આભારી રહીશ.'

### ■ નિતિન ગડકરીએ મિત્રતાને યાદ કરી

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, તેમના અને નાના પાટેકર વચ્ચે અત્યંત નજીકના અને મિત્રતાભર્યા સંબંધો હતા. તેમણે નાનાની પાંચ દાયકાથી વધુ લાંબી કારકિર્દી અને તેમની આગવી સંવાદ રજૂઆતને યાદ કરી. ગડકરીએ (નામ ફાઉન્ડેશન) દ્વારા ખેડૂતો અને ગ્રામીણ પરિવારો માટે નાનાએ કરેલા કાર્યને પણ શ્રદ્ધાંજલિ રૂપે યાદ કર્યું.

### ■ સુવેન્દુ અધિકારી બોલ્યા- 'ભારતીય સિનેમાએ એક આગવો અવાજ ગુમાવ્યો'

પશ્ચિમ બંગાળના નેતા સુવેન્દુ અધિકારીએ નાનાને ભારતીય સિનેમાનો નિર્ભીક અને આગવો અવાજ ગણાવ્યો. તેમણે 'પરિંદા', 'ક્રાંતિવીર', 'પ્રહાર' અને 'અબ તક છપ્પન'માં તેમના અભિનયને યાદ કર્યો. તેમણે નાનાના સામાજિક કાર્ય અને ગ્રામીણ સમુદાયો માટે કરાયેલા પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો.

## ગોવા-મુંબઈમાં ઘર, 27 એકરનું ફાર્મહાઉસ...: પત્ની અને પુત્ર માટે કરોડોની સંપત્તિ છોડી ગયા નાના પાટેકર

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા નાના પાટેકરે દુનિયાને અલવિદા કહી દીધું છે, તેમણે 75 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા છે. ક્રાંતિવીરથી લઈને તિરંગા જેવી સુપરહિત ફિલ્મોમાં પોતાના અભિનયના દમ પર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અલગ ઓળખ બનાવનારા નાના પાટેકરનું ગોવામાં નિધન થયું છે. દુનિયાને અલવિદા કહેનારા નાના પાટેકર પોતાની પાછળ ગોવા-મુંબઈમાં ઘર, ખેતીલાયક જમીન સહિત કરોડોની સંપત્તિ છોડી ગયા છે.

### ગોવાની હોસ્પિટલમાં લીધા અંતિમ શ્વાસ

નાના પાટેકરનો જન્મ 1 જાન્યુઆરી 1951ના રોજ મુંબઈમાં થયો હતો. તેમને છાતીમાં દુ:ખાવાની ફરિયાદ બાદ તબીબોએ ગોવા સ્થિત તેમના ફ્લેટ પર જ તાત્કાલિક CPR આપ્યો, પરંતુ સ્થિતિમાં સુધારો ન થતાં મણિપાલ હોસ્પિટલ લઈ જવાયા. તમામ પ્રયાસો છતાં તેમને બચાવી શકાયા નહીં અને 75 વર્ષીય દિગ્ગજ એક્ટરે સવારે 5:20 વાગ્યે દુનિયાને અલવિદા કહી દીધું.

### બોલિવૂડમાં બનાવી અલગ ઓળખ

નાના પાટેકરનું બાળપણ ગરીબીમાં વીત્યું હતું. તેમના પિતા દિનકર પાટેકર ટેક્સટાઈલ પેઈન્ટર બિઝનેસ સાથે જોડાયેલા હતા. રિપોર્ટ્સનું માનીએ તો, પારિવારિક બિઝનેસ બંધ થયા પછી નાના પાટેકરે પોતે જેબ્રા ક્રોસિંગ અને ફિલ્મ પોસ્ટર્સ પેઈન્ટ કરવાનું કામ કર્યું હતું. પરંતુ, પોતાના બાળપણમાં આર્થિક તંગી જોનારા નાના પાટેકરે હાર ન માની અને પોતાની મહેનત અને ટેલેન્ટના દમ પર બોલીવુડમાં એન્ટ્રી લઈને અલગ ઓળખ બનાવી. 'ક્રાંતિવીર', 'તિરંગા', 'વેલકમ', 'અબ તક છપ્પન', 'ગુલામ-એ-મુસ્તફા' જેવી ફિલ્મોથી તેમણે મોટી ફેન ફોલોઈંગ બનાવી.

### પત્ની અને પુત્ર માટે છોડી ગયા આટલી સંપત્તિ!

લગભગ ચાર દાયકા સુધી બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સક્રિય રહેલા નાના પાટેકર હવે આ દુનિયામાં નથી રહ્યા, પરંતુ તેઓ પોતાની પાછળ પત્ની નીલકાંતી પાટેકર અને પુત્ર મલ્હાર પાટેકર માટે કરોડોની સંપત્તિ છોડી ગયા છે. નાના પાટેકરની નેટવર્થની વાત કરીએ તો, મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે તેમની અંદાજિત નેટવર્થ 80 કરોડ રૂપિયાની આસપાસ બતાવવામાં આવી રહી છે.

## નાનાની લગભગ પાંચ દાયકાની કારકિર્દી

**નાના પાટેકરે 1978માં 'ગમન'થી ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે હિન્દી અને મરાઠી સિનેમાની સાથે થિયેટરમાં પણ કામ કર્યું. 'પરિંદા', 'ક્રાંતિવીર', 'પ્રહાર', 'અબ તક છપ્પન', 'નટસમ્રાટ', 'વેલકમ' અને 'હાઉસફુલ 5' જેવી ફિલ્મોમાં તેમના પાત્રો યાદગાર રહ્યા. તેમને ત્રણ નેશનલ ફિલ્મ અવોર્ડ મળ્યા હતા અને 2013માં પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.**

## નાના પાટેકરે રાત્રે અઢી વાગ્યે મિત્રને કર્યો હતો છેલ્લો મેસેજ

દિગ્ગજ અભિનેતા નાના પાટેકરે 75 વર્ષની વયે આ દુનિયાને અલવિદા કહી દીધું છે. દિગ્ગજ અભિનેતાનું મોત કાર્ડિયાક અરેસ્ટના કારણે થયું છે. બીજી તરફ અભિનેતાએ મોત પહેલાં પોતાના એક મિત્રને મેસેજ મોકલીને જણાવ્યું હતું કે, 'મને છાતીમાં ખૂબ દુ:ખાવો થઈ રહ્યો છે.' ડૉક્ટરે નાના પાટેકરના અંતિમ કલાકોની વિગત જણાવી છે. વાસ્તવમાં મણિપાલ હોસ્પિટલના ઓન્કોલોજી વિભાગના ચીફ ડૉ. શેખર સાલકરે મીડિયાને જાણકારી આપતા જણાવ્યું કે, દિગ્ગજ અભિનેતા નાના પાટેકરને સવારે લગભગ 4:20 વાગ્યે મૃત અવસ્થા (બ્રોટ ડેડ)માં હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

### 85,000 પ્રશંસકો વચ્ચે મેસીએ 126મો ગોલ ફટકારી 208મી મેચ રમી

# આંખો સાથે છેલ્લી મેચમાં લિયોનેલ મેસીનું સ્ટાર પરફોર્મન્સન

મુંબઇ

ફૂટબોલના દિગ્ગજ લિયોનેલ મેસીએ 6 ઓક્ટોબર, 2026ના રોજ આંતરરાષ્ટ્રીય ફૂટબોલને અલવિદા કહ્યું. બ્યુનોસ આયર્સના મોન્યુમેન્ટલ સ્ટેડિયમમાં આર્જેન્ટિનાએ બેનિન સામે 3-0થી જીત મેળવી. 85,000 પ્રશંસકો વચ્ચે મેસીએ 126મો ગોલ ફટકારી 208મી મેચ રમી. પરિવારની હાજરીમાં ભાવુક મેસીની આંખોમાં આંસુ હતા. 'ધ લાસ્ટ ટેન્ગો' મેચમાં 'ગ્રેસિયસ' જર્સી સાથે વિદાય અપાઈ.

વિશ્વ ફૂટબોલના મહાનતમ ખેલાડી લિયોનેલ મેસીએ મંગળવાર, 6 ઓક્ટોબર 2026ના રોજ પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમીને ઈન્ટરનેશનલ ફૂટબોલને સત્તાવાર રીતે અલવિદા કહી દીધું છે. 21 વર્ષ લાંબી શાનદાર કારકિર્દી પર મેસીએ અગાઉ જ પૂર્ણવિરામ મૂકવાની જાહેરાત કરી દીધી હતી, પરંતુ આર્જેન્ટિના ફૂટબોલ એસોસિએશને પોતાના જ હોમ ગ્રાઉન્ડ પર પ્રશંસકો વચ્ચે તેમને યાદગાર વિદાય આપવાનું નક્કી કર્યું હતું. બ્યુનોસ આયર્સના ઐતિહાસિક મોન્યુમેન્ટલ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ વિદાય મેચમાં આર્જેન્ટિનાએ બેનિન સામે 3-0થી શાનદાર વિજય મેળવ્યો હતો. આ ઐતિહાસિક ક્ષણે મેસી તેમજ સ્ટેડિયમમાં ઉપસ્થિત હજારો ફેન્સની આંખો ખુશી અને દર્દના આંસુઓથી ભીંજાઈ ગઈ હતી.



39 વર્ષીય મેસીએ 85,000 પ્રશંસકોની ગર્જના વચ્ચે કારકિર્દીનો 126મો આંતરરાષ્ટ્રીય ગોલ ફટકારીને પોતાની આખરી મેચને વધુ યાદગાર બનાવી દીધી હતી. પોતાની રેકોર્ડબ્રેક 208મી આંતરરાષ્ટ્રીય મેચ રમી રહેલા મેસીએ સાથી ખેલાડી નિકોલસ ઓટામેન્ડીના પ્રારંભિક ગોલમાં પણ મદદ કરી હતી, જ્યારે નિકો પાઝે પણ અન્ય એક ગોલ નોંધાવ્યો હતો. આ વિદાય મેચને 'ધ લાસ્ટ ટેન્ગો' નામ આપવામાં આવ્યું હતું. આંસુ રોકી ન શક્યા: મેચ રમવા માટે જ્યારે ટીમના ખેલાડીઓ બસ મારફતે સ્ટેડિયમ તરફ જઈ રહ્યા હતા, ત્યારે રસ્તા પર હજારો ચાહકોની ભીડ જોઈને મેસી અત્યંત લાગણીશીલ થઈ ગયા હતા અને પોતાના આંસુ લૂછતાં જોવા મળ્યા હતા. પરિવારની ઉપસ્થિતિ: મેસી પોતાના ત્રણેય પુત્રો સાથે મેદાનમાં પ્રવેશ્યા હતા, જ્યારે વીઆઈપી બોક્સમાં બેઠેલાં તેમના પત્ની એન્ટોનેલા રોકુઝો અને માતા સેલિયા કુસિટિનીએ હાથ હલાવીને ભાવુક સ્મિત સાથે તેમનું સ્વાગત કર્યું હતું. 'ગ્રેસિયસ' જર્સી અને રાષ્ટ્રગીત: મેચ શરૂ થાય તે પહેલાં મેદાનની વચ્ચે નંબર 10ની વિશાળ આર્જેન્ટિના જર્સી પાથરવામાં આવી હતી, જેના પર સ્પેનિશ ભાષામાં 'ગ્રેસિયસ' (Gracas - આભાર) લખેલું હતું.

## 15 ઓક્ટોબરે વડાપ્રધાન એશિયન ગેમ્સના મેડલ વિજેતાઓને મળશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 15 ઓક્ટોબરે એશિયન ગેમ્સ 2026ના ભારતીય મેડલ વિજેતાઓ સાથે મુલાકાત કરશે. આ મુલાકાત PM આવાસ ખાતે યોજાશે. આ માહિતી IOAના સૂત્રોએ ભાસ્કરને આપી છે. આઈચી-નાગોયામાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારતે કુલ 85 મેડલ જીત્યા. તેમાં 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝનો સમાવેશ થાય છે. ભારત મેડલ ટેલીમાં ચોથા સ્થાને રહ્યું. PM મોદી અગાઉ પણ અનેક પ્રસંગોએ ભારતીય ખેલાડીઓ સાથે મુલાકાત કરી ચૂક્યા છે. છેલ્લે તેઓ 9 ઑગસ્ટે કોમનવેલ્થ ગેમ્સ 2026ના મેડલ વિજેતાઓને મળ્યા હતા. ભારતે તીરંદાજી, બોક્સિંગ, શૂટિંગ, હોકી, ક્રિકેટ, કુશ્તી, કબડ્ડી, એથ્લેટિક્સ અને ગોલ્ફ સહિત અનેક રમતોમાં મેડલ જીત્યા. ભારતીય તીરંદાજોએ 5 ગોલ્ડ સહિત 9 મેડલ જીત્યા. જ્યારે ભારતીય બોક્સરોએ 3 ગોલ્ડ અને 3 બ્રોન્ઝ સહિત 6 મેડલ જીત્યા. ક્રિકેટમાં ભારતીય મહિલા અને મેન્સ બંને ટીમે ગોલ્ડ જીત્યો. હોકી અને કબડ્ડીમાં પણ ભારતની બંને ટીમ ચેમ્પિયન બની. 5 ખેલાડીઓએ મેડલની હેટ્રિક લગાવી, જ્યારે 23 ખેલાડીઓએ 2-2 મેડલ જીત્યા.

### 2023 પછી નોર્કિયાનું કમબેક

## રબાડા ઓસ્ટ્રેલિયા સામેની પહેલી ટેસ્ટમાંથી બહાર, આફ્રિકાની પ્લેઇંગ-11ની જાહેરાત

કેપટાઉન

સાઉથ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ માટે પ્લેઇંગ-11 જાહેર કરી દીધી છે. આ મુકાબલો ગુરુવારથી ડરબનમાં રમાશે. ઝડપી બોલર કાગિસો રબાડા ઈજામાંથી સાજા થવા અને ફિટનેસ મેળવવાની પ્રક્રિયામાં હોવાથી ટીમમાં સ્થાન મેળવી શક્યો નથી. એનરિક નોર્કિયા 2023 પછી પ્રથમ વખત ટેસ્ટ ક્રિકેટમાં વાપસી કરશે. સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની સિરીઝની પ્રથમ ટેસ્ટ ડરબનમાં રમાશે. બીજી ટેસ્ટ ગકેબેરહા અને છેલ્લી મેચ કેપ ટાઉનમાં રમાશે.



સિરીઝની ત્રણેય મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાયકલ માટે મહત્વપૂર્ણ છે. બંને ટીમ મજબૂત શરૂઆત કરીને સિરીઝમાં લય મેળવવા ઈચ્છશે. સાઉથ આફ્રિકાએ પહેલી ટેસ્ટ માટે અનુભવ અને યુવા પ્રતિભાથી સંતુલિત ટીમ પસંદ કરી છે. ટેમ્બા બાવુમા ટીમની કેપ્ટનશીપ કરશે.

એડન માર્કરમ, રાયન રિકેલ્ટન, ડેવિડ બેડિંગહામ અને ટ્રિસ્ટન સ્ટબ્સ બેટિંગને મજબૂતી આપશે. વિયાન મુલ્ડર અને માર્કો યાન્સેન ઓલરાઉન્ડ વિકલ્પ તરીકે ટીમને સંતુલન આપશે. કાઈલ વેરેઈન વિકેટકીપિંગની જવાબદારી સંભાળશે. બોલિંગમાં કેશવ મહારાજ અને સાયમન હાર્મરની સ્પિન જોડી હશે. તેમની સાથે એનરિક નોર્કિયા અને માર્કો યાન્સેન ઝડપી બોલિંગની કમાન સંભાળશે. રબાડા આ વર્ષે મેના અંતમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં ગુજરાત ટાઈટન્સ માટે રમ્યા બાદથી કોઈપણ સ્તરે રમ્યો નથી.

## યશસ્વી જયસવાલ વિકેટકીપિંગની પ્રેક્ટિસ કરી રહ્યો છે

### રણજી ટ્રોફીમાં મુંબઈના કેપ્ટન સિદ્ધેશ લાડે કહ્યું- તે ભારતીય ટીમ માટે વિકેટકીપિંગ કરવા માગે છે

મુંબઇ

યશસ્વી જયસ્વાલ રણજી ટ્રોફી પહેલા વિકેટકીપિંગની પ્રેક્ટિસ કરી રહ્યો છે. તે પોતાની રમતમાં નવી સ્કિલ ઉમેરવા પર કામ કરી રહ્યો છે. યશસ્વી રણજી ટ્રોફીમાં 11 ઓક્ટોબરે મુંબઈ માટે ચંદીગઢ સામે રમવા ઉતરશે.

જયસ્વાલના વિકેટકીપિંગ પર મુંબઈના કેપ્ટન સિદ્ધેશ લાડે કહ્યું- 'યશસ્વી વિકેટકીપિંગ શરૂ કરવા માટે ઘણી મહેનત કરી રહ્યો છે. મેં તેની પાસેથી આવું જ સાંભળ્યું છે.' લાડે કહ્યું- 'તે મુંબઈ અથવા ભારતીય ટીમ માટે વિકેટકીપિંગ કરવા માગે છે. મને લાગે છે કે તેનો આ જ ટાર્ગેટ છે, પરંતુ મને તેની સંપૂર્ણ જાણકારી નથી.' યશસ્વીએ વિકેટકીપિંગ ગ્લવ્સ પહેરીને પ્રેક્ટિસ કરી છે. મુંબઈની એક પ્રેક્ટિસ મેચમાં તેણે આશરે 10 ઓવર સુધી વિકેટકીપિંગ પણ કર્યું. જયસવાલ અગાઉ પણ પોતાની લેગ-સ્પિનથી ટીમની મદદ કરી ચૂક્યો છે. જોકે, ભારત માટે તે મુખ્ય બેટર તરીકે જ રમે છે. બોલિંગ તેના નિયમિત રમતનો ભાગ નથી. વિકેટકીપિંગની પ્રેક્ટિસને તેની રમતમાં એક વધુ સ્કિલ્સ ઉમેરવાનો પ્રયાસ માનવામાં આવી રહ્યો છે. લાડે બોલ્યો- સતત પ્રેક્ટિસથી આદત બની જશે લાડે કહ્યું- 'તેણે વિકેટકીપિંગની પ્રેક્ટિસ એટલા માટે શરૂ કરી છે, કારણ કે તે પોતાની રમતમાં કંઈક વધુ ઉમેરવા માગે છે.' શાર્દૂલ ઠાકુર વિના રમશે મુંબઈ મુંબઈ માટે નવી સીઝન પહેલાં જયસ્વાલનું



જોડાવું રાહતની વાત છે. ટીમ આ અભિયાનમાં ભૂતપૂર્વ કેપ્ટન શાર્દૂલ ઠાકુર વિના રમશે. ભૂતપૂર્વ કેપ્ટન અજિંક્ય રહાણેએ પણ સીઝન પહેલાં ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. લાડે કહ્યું- તેણે ઊંચા સ્તરે ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. યશસ્વી જેવા ખેલાડી સાથે ડ્રેસિંગ રૂમ શેર કરવાથી અમારા યુવા ખેલાડીઓને પણ મદદ મળશે.'

યશસ્વી જયસ્વાલ રણજી ટ્રોફી પહેલા વિકેટકીપિંગની પ્રેક્ટિસ કરી રહ્યો છે. તે પોતાની રમતમાં નવી સ્કિલ ઉમેરવા પર કામ કરી રહ્યો છે. યશસ્વી રણજી ટ્રોફીમાં 11 ઓક્ટોબરે મુંબઈ માટે ચંદીગઢ સામે રમવા ઉતરશે.

જયસ્વાલના વિકેટકીપિંગ પર મુંબઈના કેપ્ટન સિદ્ધેશ લાડે કહ્યું- 'યશસ્વી વિકેટકીપિંગ શરૂ કરવા માટે ઘણી મહેનત કરી રહ્યો છે. મેં તેની પાસેથી આવું જ સાંભળ્યું છે.' લાડે કહ્યું- 'તે મુંબઈ અથવા ભારતીય ટીમ માટે વિકેટકીપિંગ કરવા માગે છે. મને લાગે છે કે તેનો આ જ ટાર્ગેટ છે, પરંતુ મને તેની સંપૂર્ણ જાણકારી નથી.' યશસ્વીએ વિકેટકીપિંગ ગ્લવ્સ પહેરીને પ્રેક્ટિસ કરી છે.



### નોટિસ-દંડના નિયમો બદલાયા

## GST કાઉન્સિલની બેઠક: અધિકારીઓની દાદાગીરી ખતમ, વેપારીઓને મોટી રાહત

મુંબઇ

GST કાઉન્સિલની 57મી બેઠકમાં વેપારીઓ અને કરદાતાઓ માટે અનેક મહત્વના નિર્ણયો લેવાયા. કાઉન્સિલે GST અધિકારીઓની સીધી ધરપકડની સત્તા પાછી ખેંચી, નાના વિવાદો ઘટાડવા 10,000 રૂપિયાથી ઓછા કેસમાં શો-કોઝ નોટિસ નહીં આપવાનો નિર્ણય કર્યો છે. ડિલિવરી સર્વિસ પર ટેક્સ 18% થી 5% થયો, રિટ્રેડેડ ટ્રેક્ટર ટાયર પર 5% ટેક્સ લાગશે. કર્મચારીઓના હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ, ટેલિકોમ ટાવર અને આઉટડોર કેટરિંગ પર ITC મળશે. GST કાઉન્સિલની 57મી બેઠકમાં વેપારીઓ અને



કરદાતાઓ માટે અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કાઉન્સિલે GST અધિકારીઓની સીધી ધરપકડ કરવાની સત્તા પાછી ખેંચવા, વેપાર સંબંધિત વિવિધ ખર્ચાઓ પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) આપવા અને નાના ટેક્સ વિવાદો ઘટાડવા સંબંધિત દરખાસ્તોને મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત ડિલિવરી સર્વિસ, રિટ્રેડેડ ટ્રેક્ટર ટાયર અને નાના કર વિવાદો અંગે પણ મહત્વના સુધારા કરવામાં આવ્યા છે, જેનાથી FMCG, ફાર્મા, ટેલિકોમ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિલિવરી અને કોર્પોરેટ ક્ષેત્રને મોટી રાહત મળશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, GST કાઉન્સિલે અધિકારીઓ પાસેથી સીધી ધરપકડ કરવાની સત્તા પાછી ખેંચવાની દરખાસ્તને મંજૂરી આપી છે. આ નિર્ણયનો અર્થ એ છે કે સામાન્ય કર વિવાદોમાં ટેક્સ અધિકારીઓ સીધા જ કોઈ વ્યક્તિની ધરપકડ કરી શકશે નહીં. ગંભીર ગુનાહિત કેસો અને જાણીજોઈને કરવામાં આવેલી મોટી ટેક્સ ચોરી જેવા મામલાઓમાં કાર્યવાહી કરવા માટે હવે કાયદાકીય અદાલતી પ્રક્રિયાનું પાલન કરવું પડશે.

### ડોલર સામે રૂપિયો 97ની ઐતિહાસિક નીચલી સપાટીએ પહોંચી ગયો

## ડૉલર સામે રૂપિયો 97ને પાર, ચાંદી પણ તૂટી, ક્રૂડ ઓઈલમાં ભડકો

### ચાંદી 2 દિવસમાં 5000 રૂપિયાથી વધુ ગગડી છે. બ્રેન્ટ ક્રૂડ 104 ડોલર થતાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થઈ શકે છે.

મુંબઇ

ગઈકાલે અને આજે એમ બે દિવસથી શેરબજાર હોય કે એમસીએક્સ બજાર બંને જગ્યાએ કડાકાનો જ દોર જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ અને નિફ્ટી હોય કે સોના કે ચાંદીની બંને જગ્યાએ કડાકો જ દેખાયો છે. જ્યારે બ્રેન્ટ ક્રૂડના ભાવમાં પણ ભડકો બોલાયો છે. જ્યારે ડૉલર સામે રૂપિયો આજે ઐતિહાસિક રીતે 97 રૂપિયાના લેવલને પાર કરી ગયો છે જે ભારત માટે ચિંતાનો વિષય છે. સેન્સેક્સમાં બે દિવસમાં પ્રચંડ કડાકો ગઈકાલે સેન્સેક્સમાં 72965 પર બજાર ઓપન થયું હતું. જ્યારે તેણે 73018ની ટોચ બનાવી હતી. જોકે જોત જોતામાં સેન્સેક્સ ગબડીને 72468 પર આવી ગયું હતું. છેલ્લે બજાર બંધ થવા સુધીમાં થોડી રિકવરી સાથે સેન્સેક્સ 72638 પર બંધ થયું હતું. તેના પરથી કહી શકાય કે સેન્સેક્સમાં ગઈકાલે 380 પોઈન્ટનો કડાકો બોલાયો હતો. જ્યારે આજે સેન્સેક્સ ફરી એકવાર 72,638.70 પર ખુલ્યો




હતો અને પછી 71,735.91 ની નીચલી સપાટી બનાવી હતી. એટલે કે આજે કુલ 903 પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો છે. બે દિવસમાં સેન્સેક્સની સ્થિતિની વાત કરીએ તો કુલ 1283 પોઈન્ટનો કડાકો અત્યાર સુધી થઈ ચૂક્યો છે. બે દિવસમાં નિફ્ટીની પણ હાલત દયનીય દેખાઈ છે. નિફ્ટી ગઈકાલે 22690 પર ખુલી હતી અને 22717 ની ટોચે પહોંચી હતી. ત્યારબાદ 22546 ની નીચલી સપાટીને સ્પર્શી ગઈ હતી. જ્યારે બજાર બંધ થતા થતા 22603 પર બંધ થઈ હતી. નિફ્ટીમાં ગઈકાલનો કડાકો 171 પોઈન્ટનો રહ્યો હતો. જોકે આજે પણ નિફ્ટીમાં ભયાનક સ્તરે કડાકાની સ્થિતિ જોવા મળી રહી છે. નિફ્ટીમાં આજે 305 પોઈન્ટથી વધુનો કડાકો આવી ચૂક્યો છે. આજે નિફ્ટી 22,599.05 પર ઓપન થઈ હતી અને પછી 22,599.05 સપાટીથી જ તેમાં કડાકાની સ્થિતિ જોવા મળી હતી. પછીથી 22,294.35 ની નીચલી સપાટીએ ગબડી પડી હતી. નિફ્ટીમાં બે દિવસમાં જ કુલ 476 પોઈન્ટનો મસમોટો કડાકો બોલાઈ ચૂક્યો છે. ચાંદી બે દિવસમાં મસમોટો કડાકો બોલાઈ ગયો છે. ગઈકાલે ચાંદીમાં કુલ 4385 રૂપિયાનો કડાકો બોલાયો હતો. પછીથી થોડીક રિકવરી આવતા ચાંદી રાતે 2647 રૂપિયાના કુલ કડાકા પર બંધ થઈ હતી.

### સરકારની સ્પષ્ટતા:કહ્યું- બિઝનેસમેન સ્ટારલિંકને રોકી રહ્યા છે, આ વાત ખોટી, નિયમો બધા માટે સરખા

## મસ્કે મોટા ઉદ્યોગપતિઓ પર ભારતમાં સ્ટારલિંકને રોકવાનો આરોપ લગાવ્યો

મુંબઇ

ભારત સરકારે ઈલોન મસ્કના તે આરોપોને ફગાવી દીધા છે, જેમાં તેમણે દાવો કર્યો હતો કે કેટલાક ભારતીય ઉદ્યોગપતિઓ એકાધિકાર જાળવી રાખવા માટે સ્ટારલિંકને ભારતમાં આવવા નથી દેતા. સરકારે આજે એટલે કે 8 ઑક્ટોબરે કહ્યું કે દેશમાં સેટેલાઈટ કમ્યુનિકેશન સેવાઓ માટે નક્કી કરાયેલા નિયમો સૌ માટે એકસરખા છે. નિયમો કોઈની સાથે ભેદભાવ કરવા માટે લાગુ કરવામાં આવી રહ્યા છે એવું કહેવું બિલકુલ ખોટું છે. મસ્કે ભેદભાવનો આરોપ લગાવ્યો હતો. વિશ્વના સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્કે દેશના મોટા ઉદ્યોગપતિઓ પર ભારતમાં સ્ટારલિંકને રોકવાનો આરોપ




લગાવ્યો છે. મસ્કે X પર પોસ્ટ કરીને લખ્યું, 'ભારતના કેટલાક મોટા બિઝનેસમેન નથી ઈચ્છતા કે સ્ટારલિંકનું સેટેલાઈટ ઈન્ટરનેટ ભારતમાં આવે, જેથી તેમનું એકહથ્થુ રાજ જળવાઈ રહે. તમે અંદાજ લગાવી શકો છો કે તેઓ કોણ છે' મસ્કે પોસ્ટમાં એ પણ લખ્યું કે આ ભારતના લોકો સામેનો એક ગુનો છે. મસ્કે કોઈ કંપની કે ઉદ્યોગપતિનું નામ તો લીધું નથી, પરંતુ તેમની પોસ્ટથી ભારતીય ટેલિકોમ કંપનીઓ વચ્ચે ચર્ચા છેડાઈ ગઈ છે. મસ્કનો ઈશારો ભારતના તે ટેલિકોમ અને બિઝનેસ ઘરાણાં તરફ માનવામાં આવી રહ્યો છે, જેઓ સ્પેક્ટ્રમ ફાળવણીના નિયમો અને સુરક્ષાની ચિંતાઓને લઈને સેટેલાઈટ ઈન્ટરનેટ કંપનીઓનો વિરોધ કરી રહ્યા છે અથવા કડક શરતોની માંગ કરી રહ્યા છે. સ્ટારલિંકને માત્ર અંતિમ સરકારી મંજૂરીની રાહ. ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સની સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ 'સ્ટારલિંક' ભારતમાં લોન્ચ થવાની ખૂબ નજીક છે.

## સેન્સેક્સ 1,045 પોઇન્ટ ઘટીને 71,593 પર બંધ

- **સતત નવમા અઠવાડિયે ઘટાડો ચાલુ, કાચું તેલ મોંઘું થવાની અસર; મેટલ-ઓટો શેરોમાં વેચવાલી**

મુંબઇ

શેરબજારમાં સતત નવમા અઠવાડિયે ઘટાડો ચાલુ છે. આજે એટલે કે 8 ઓક્ટોબરે સેન્સેક્સ 1,045 અંક ઘટીને 71,593 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 371 અંકનો ઘટાડો નોંધાયો અને તે 22,232 પર બંધ થયો. આજે મેટલ, ઓટો અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી.

નિષ્ણાતો અનુસાર કાચા તેલના ભાવ પ્રતિ બેરલ 102 ડૉલરથી ઉપર જળવાઈ રહ્યા છે. ઉપરાંત, વિદેશી રોકાણકારો સતત ભારતીય બજારમાંથી નાણાં પાછાં ખેંચી રહ્યા છે. આને કારણે બજાર પર નકારાત્મક અસર પડી રહી છે. લગભગ 4 વર્ષમાં પહેલી વાર દરો વધારવાની સાથે RBIએ પોતાનું વલણ 'ન્યુટ્રલ'માંથી બદલીને 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' કરી દીધું છે. આવી સ્થિતિમાં આવનારા કેટલાક મહિનાઓમાં RBI વ્યાજદરમાં 1% સુધીનો વધારો કરી શકે છે.

આ કારણે બજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. વૈશ્વિક બજારમાં બોન્ડના વેચવાલી દબાણમાં તેજી આવતાં અમેરિકાના 30-વર્ષીય બોન્ડની યીલ્ડ 5.71%ને પાર પહોંચી ગઈ છે. 10 વર્ષની બોન્ડ યીલ્ડ પણ 5.3%થી ઉપર પહોંચી ગઈ છે. બોન્ડ યીલ્ડ વધતાં રોકાણકારો શેરબજારમાંથી નાણાં કાઢીને ડેટ માર્કેટ તરફ વળે છે.

## ગરીબોના હક માટે કોંગ્રેસનો હુંકાર!

# અમદાવાદમાં ન્યાય માટે ખદબદતો રોષ: કમલ તલાવડીના પીડિત પરિવારોને "ઘર સામે ઘર" આપો!



### અમ્યુકોની ઉત્તર ઝોન કચેરીએ ગર્જ્યા પ્રદેશ મહામંત્રી રાજેશ સોની: વર્ષોથી બેઘર બનેલા ગરીબોને ક્યાં સુધી ભટકાવશે તંત્ર? : "શું ગરીબોને પોતાના હકનું એક છત મેળવવા માટે પણ હવે આંદોલનના રસ્તે જવું પડશે?" – કોંગ્રેસ નેતાનો તંત્ર પર પ્રહાર!

અમદાવાદ

ગુજરાતની આર્થિક રાજધાની ગણાતા અમદાવાદ શહેરમાંથી વહીવટી તંત્ર અને સત્તાધીશોની સંવેદનહીનતાનો એક વધુ ઘટસ્ફોટ સામે આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની હદમાં આવતા સરદારનગર વોર્ડના કમલ તલાવડી વિસ્તારમાં વર્ષો પહેલાં ગરીબ અને શ્રમિક પરિવારોનાં ઝૂંપડાં બળજબરીપૂર્વક તોડી પાડવામાં આવ્યાં હતાં. તે સમયે તંત્ર દ્વારા ગરીબોને 'ઘર સામે ઘર' આપવાની મોટી-મોટી ખાતરીઓ આપવામાં આવી હતી, પરંતુ દુઃખની વાત એ છે કે આજદિન સુધી અનેક પીડિત પરિવારોને એક ખૂણો પણ ફાળવવામાં આવ્યો નથી.

આ અન્યાય સામે આજે કમલ તલાવડીના અસંખ્ય પીડિત પરિવારો સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આક્રમક રુખ અપનાવ્યો છે. પીડિતોને તાત્કાલિક મકાનો ફાળવવાની માંગ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઉત્તર ઝોન કચેરી ખાતે ભવ્ય ધરણાં-પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને તંત્રને આવેદનપત્ર આપીને ઘેરાવ કરવામાં આવ્યો હતો.

'ગરીબોના અધિકારો પર તંત્રની ઉદાસીનતા કેમ?' આજે ધરણાં પ્રદર્શન દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ મહામંત્રી રાજેશ ટી. સોનીની આગેવાનીમાં તંત્રની પોલ ખોલવામાં આવી હતી. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે વર્ષોથી પોતાના હકના મકાન માટે સંઘર્ષ કરતા આ ગરીબ પરિવારોને આખરે ક્યાં સુધી આ રીતે રઝળવું પડશે? શું આ દેશ અને રાજ્યમાં ગરીબોને પોતાના હકનું ઘર મેળવવા માટે પણ રોડ પર ઉતરીને આંદોલનો જ કરવા પડશે? આંદોલનકારીઓએ તંત્ર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરતા સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે: કમલ તલાવડી વિસ્તારના તમામ પાત્ર અને પીડિત પરિવારોને વહેલી તકે મકાનોની ફાળવણી કરવામાં આવે.

## લોકશાહી બચાવો આંદોલન - સારંગપુર ખાતે કોંગ્રેસનું ઉગ્ર ધરણા-પ્રદર્શન

અમદાવાદ

અમદાવાદમાં આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા લોકશાહી અને બંધારણની રક્ષા માટે એક ભવ્ય અને ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સારંગપુર ખાતે આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સમક્ષ યોજાયેલા આ ધરણા-પ્રદર્શનમાં અસંખ્ય કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા, જ્યાં વાતાવરણ સરકાર વિરોધી સૂત્રોચ્ચારોથી ગુંજી ઉઠ્યું હતું. આઠમી ઓક્ટોબરને સમગ્ર દેશમાં કાળા દિવસ તરીકે પાળવામાં આવ્યો હતો, કારણ કે આ દિવસે નાગરિકોના મતાધિકાર અને લોકશાહી મૂલ્યો પર સીધા હુમલા થઈ રહ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશકુમાર પર ગંભીર આક્ષેપો કરતા તેમને પદ પરથી દૂર કરી જેલમાં પૂરવાની માંગ ઉચ્ચારવામાં આવી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન મતના અધિકાર છીનવનારને સજા કરો, બેલેટ પેપરથી ચૂંટણી કરો, સંવિધાન બચાવો, બંધારણ બચાવો અને દેશ બચાવો જેવા જોરદાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી અને સાંસદ પ્રિયંકા ગાંધી સામે સરકાર દ્વારા કરવામાં આવી રહેલા દમન સામે અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.



## સંક્ષીપ્ત સમાચાર

### દાણીલીમડામાંથી 2.68 લાખના એમડી ડ્રગ્સ સાથે આધેડ ઝડપાયો, રાજસ્થાન કનેક્શન ખુલ્યું

અમદાવાદ SOG ક્રાઈમ બ્રાન્ચે દાણીલીમડામાંથી 47 વર્ષીય નાસીર સૈયદને 2.68 લાખના MD ડ્રગ્સ સાથે ઝડપ્યો. આરોપી રાજસ્થાનના ભીલવાડાથી ડ્રગ્સ લાવી નારોલ સર્કલ આસપાસના વિસ્તારમાં બંધાણીઓને વેચતો હતો. પોલીસે 89.63 ગ્રામ ડ્રગ્સ જપ્ત કરી, NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી મુખ્ય સપ્લાયરને ઝડપવા તપાસ હાથ ધરી છે. શહેર એસઓજી (SOG) ક્રાઈમ બ્રાન્ચે દાણીલીમડા વિસ્તારમાં દરોડો પાડીને એક આધેડને 2.68 લાખ રૂપિયાની કિંમતના ગેરકાયદે મેફેડ્રોન (MD) ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. આરોપી રાજસ્થાનના ભીલવાડાથી ડ્રગ્સ લાવીને નારોલ સર્કલ અને આસપાસના વિસ્તારમાં ડ્રગ્સના બંધાણીઓને છૂટકમાં વેચાણ કરતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. મળતી માહિતી અનુસાર, એસઓજી ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે દાણીલીમડા અલીફ કોમ્પ્લેક્સની બાજુમાં આવેલ 'અલ મુબારક રો-હાઉસ'માં રહેતો નાસીર સૈયદ પોતાના ઘરમાં એમડી ડ્રગ્સ રાખીને તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડીને 47 વર્ષીય નાસીર સૈયદને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની અંગજડતી લેતાં તેના ખિસ્સામાંથી કાળા રંગની થેલીમાંથી પ્લાસ્ટિકની 30 નાની બેગ મળી આવી હતી.

### નાના વેપારીઓને ચિલ્લરમાં 5 અને 10 રૂપિયાના સિક્કા આપવાનો ભરોસો આપી મોટી રકમ પડાવતો ઠગ પકડાયો

અમદાવાદમાં રેસ્ટોરન્ટ અને લારી-ગલ્લા ધારકોને 5 અને 10 રૂપિયાના સિક્કાનું ચિલ્લર લાવી આપવાની લાલચ આપી ઠગાઈ કરનાર શખસને રામોલ પોલીસે વસ્ત્રાલ તનમન ચાર રસ્તા પાસેથી ઝડપી પાડ્યો છે. મૂળ પાટણના 33 વર્ષીય વાલા ઉર્ફે વિરાજ રબારીએ નિકોલ અને ઓઢવ વિસ્તારમાં 7થી વધુ વેપારીઓ સાથે 4.60 લાખથી વધુની ઠગાઈ કરી હતી. અમદાવાદમાં રેસ્ટોરન્ટ અને લારી-ગલ્લા ધારકોને 5 રૂપિયા અને 10 રૂપિયાના સિક્કાનું ચિલ્લર લાવી આપવાની લાલચ આપી રોકડ પડાવી છેતરપિંડી આચરતા એક શખસને રામોલ પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપીની પ્રાથમિક પૂછપરછમાં તેણે છેલ્લા બે વર્ષ દરમિયાન શહેરના નિકોલ અને ઓઢવ વિસ્તારમાં સાતથી વધુ વેપારીઓ સાથે કુલ 4.60 લાખ રૂપિયાથી પણ વધુની ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં સિક્કાનું જિલ્લા લાવી આપવાનું કહીને સાતથી વધુ વેપારી સાથે ઠગાઈ કરનાર આરોપી વાલા વસ્ત્રાલ તનમન ચાર રસ્તા પાસે હોવાની માહિતીના આધારે રામોલ પોલીસે દરોડો પાડી તેને પકડી લીધો હતો. મૂળ પાટણના શંખેશ્વર તાલુકાના કુવર ગામના 33 વર્ષીય વાલા ઉર્ફે વિરાજ રબારી હોવાનું જણાવ્યું હતું.

### ચાંદીના વાસણો બનાવવાના નામે રૂ.27.68 લાખની છેતરપિંડી: વિશ્વાસમાં લઈ કિંમતી દાગીના હડપ્યા

અમદાવાદના સરદારનગરમાં ચાંદીના વાસણો બનાવી આપવાના બહાને 71 વર્ષીય નિવૃત્ત અધિકારી પાસેથી ચાંદી, સોનાના દાગીના અને રોકડ સહિત કુલ 27.68 લાખની મત્તા પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે છાવણી પાર્ક બંગ્લોઝમાં રહેતા પરષોતમભાઈ પોમલે ક્રાઈમ બ્રાંચમાં ઉમેશ ચેલાણી અને તેના પિતા નારાયણદાસ ચેલાણી સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી રાજસ્થાન હાઈકોર્ટમાં ચીફ એકાઉન્ટન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા છે. સરદારનગર સર્કલ પાસે આવેલી કોમલ જ્વેલર્સમાં ચાંદી ખરીદવા ગયેલા નિવૃત્ત અધિકારી પરષોતમભાઈને જ્વેલર્સ પિતા-પુત્ર ઉમેશ અને નારાયણદાસે પોતાની મીઠી વાતોમાં ભોળવી વિશ્વાસમાં લીધા હતા. પિતા-પુત્રએ પોતાની પાસે રહેલી ચાંદીમાંથી વાસણો બનાવી આપવાની અને વધુ ફાયદો કરાવી આપવાની લાલચ આપી પરષોતમભાઈ પાસેથી અઢી કિલો ચાંદીના બુકિંગ પેટે 5.62 લાખ મેળવ્યા હતા.

### કાલુપુર સ્ટેશન પર 'બનાવટી નોટ'નો ખેલ: મુસાફરોને છેતરી 2 ગઠિયા ઝડપાયા

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર મુસાફરોને પોતાની લાચારી બતાવી અને બનાવટી ચલણી નોટોના બંડલ બતાવીને નાણાં તેમજ કિંમતી સામાન પડાવી લેતી દિલ્હીની ગઠિયા ટોળકીના બે આરોપીઓને કાલુપુર પોલીસે ઝડપી પાડ્યા છે. આરોપીઓ ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢી ગયા હોવાથી નાણાંની જરૂરિયાત પૂરી કરવા માટે આવી ઠગાઈ આચરતા હોવાનું સામે આવ્યું છે. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહારાષ્ટ્રના રહેવાસી જયપ્રકાશ તિવારી કારીગર સાથે કામઅર્થે અમદાવાદ આવ્યા હતા. 7 સપ્ટેમ્બરે કાલુપુર રેલવે સ્ટેશને ટ્રેનની રાહ જોતી વખતે એક અજાણ્યા શખ્સે રાજેશ યાદવ તરીકે ઓળખ આપી શેઠે પગાર ન આપ્યો હોવાની લાચારી દર્શાવી હતી. તેણે પોતાની પાસે રૂ. 2 લાખ હોવાનું કહી બનાવટી નોટોનું બંડલ બતાવ્યું હતું અને દયા બતાવી ચા પીવડાવવાના બહાને બીજા સાગરીત સાથે મળીને ફરિયાદીનું માથું ભારે કરી સોનાની ચેઈન, મોબાઈલ અને ઓનલાઈન રૂ. 77 હજાર ટ્રાન્સફર કરાવી ફરાર થઈ ગયા હતા. ભોગ બનનારની ફરિયાદના આધારે કાલુપુર પોલીસે તપાસ હાથ ધરીને દિલ્હીના તનવીર અંસારી અને સંજય શર્મા નામના બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

## સેટેલાઇટમાં બુટલેગરો બન્યા બેફામ

# સામાન્ય બોલાચાલીમાં ઉશ્કેરાયેલા કુખ્યાત યુવક પર છરાના ઘા ઝીંકી કરી નાખ્યો હત્યાનો પ્રયાસ!

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કાગળ પરના દાવાઓ વચ્ચે રાજ્યના મુખ્ય શહેરોમાં બુટલેગરો અને અસામાજિક તત્વોની ગુર્ગાઈ અને દાદાગીરી કેટલી હદે બેફામ બની ગઈ છે તેનું વધુ એક કાળજું કંપાવનારૂં ઉદાહરણ સાણંદ-અમદાવાદના પોશ ગણાતા સેટેલાઈટ વિસ્તારમાંથી સામે આવ્યું છે. અમદાવાદના હાઈપ્રોફાઈલ અને શાંત ગણાતા સેટેલાઈટ વિસ્તારમાં ખુલ્લેઆમ કાયદો અને વ્યવસ્થાની ધજાગરા ઉડાડતા એક બુટલેગરે સામાન્ય બોલાચાલીની અદાવતમાં નિર્દોષ યુવકને મોતને ઘાટ વાના ઈરાદે છરાના ઘા ઝીંકી દીધા હોવાની સનસનીખેજ ઘટનાથી સમગ્ર પંથકમાં ભય અને આક્રોશનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અને પીડિત પરિવાર દ્વારા લગાવવામાં આવેલા ગંભીર આક્ષેપો અનુસાર, સેટેલાઈટ વિસ્તારમાં આવેલી ગોકુલ આવાસ યોજનામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરતો એક કુખ્યાત બુટલેગર અને તેના અન્ય સાગરિતો સક્રિય છે. કોઈક સામાન્ય બાબત કે કારણોસર પીડિત યુવક અને આ બુટલેગર વચ્ચે બોલાચાલી થઈ હતી. વાત એટલી વધી ગઈ કે અહંકારમાં અંધ બનેલા બુટલેગરે ઉશ્કેરાઈને પોતાની પાસે રહેલો ઘાતક છરો કાઢી લીધો હતો અને યુવક પર એક પછી એક નિર્દયતાપૂર્વક છરાના ઘા ઝીંકી દીધા હતા.

દિનદહાડે કે રાત્રે બનેલી આ લોહિયાળ ઘટનાને કારણે આસપાસના રહીશોમાં નાસભાગ મચી ગઈ હતી અને લોહીથી લથપથ યુવકને જોઈને લોકોના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા યુવકને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

ઘટનાની જાણ થતા જ સેટેલાઈટ પોલીસ સ્ટેશનનો કાફલો અને ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે તાત્કાલિક ધોરણે સ્થિતિ પર કાબૂ મેળવીને પુરાવા એકત્ર કરવાની અને આરોપીઓની ધરપકડ માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

## અમદાવાદમાં સનસનીખેજ હુમલો!

# દાણીલીમડામાં પ્રેમસંબધની અદાવતમાં વેપારી પર લોહિયાળ હુમલો!

અમદાવાદ

શહેરમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતી એક વધુ હચમચાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદના સંવેદનશીલ ગણાતા દાણીલીમડા વિસ્તારમાં એક વેપારીને નિશાન બનાવીને લોહિયાળ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. એક મહિલા સાથેની મિત્રતાની અદાવત રાખીને અસામાજિક તત્વોએ જાહેરમાં ખૂની ખેલ ખેલો હોય તેમ વેપારી પર જીવલેણ હુમલો કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ૩૫ વર્ષીય યાસર મહંમદ હનીફ નામના વેપારી પર આ ઘાતક હુમલો કરવામાં આવ્યો છે. સમગ્ર મામલાની પૃષ્ઠભૂમિ જોઈએ તો, એક મહિલા સાથેની મિત્રતાની અદાવતને લઈને આ સમગ્ર વિવાદ સપાટી પર આવ્યો હતો. પીડિત વેપારી યાસર મહંમદ હનીફ જ્યારે દાણીલીમડા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અગાઉથી જ ઘાત લગાવીને બેઠેલા મહિલાના પતિ સહિત કુલ ચાર ખુંખાર શખ્સોએ તેમના પર અચાનક હુમલો કરી દીધો હતો. આ હુમલામાં ૩૫ વર્ષીય યાસર



મહંમદ હનીફને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે, જેને પગલે તેમને તરત જ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. દિનદહાડે બનેલી આ ઘટનાને કારણે સ્થાનિક વેપારીઓ અને રહીશોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. આ સમગ્ર હુમલાની ઘટના આસપાસ લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. સોશિયલ મીડિયા અને પોલીસ ચોપડે વાયરલ થયેલા આ સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે ચાર શખ્સો એક થઈને વેપારી પર હુમલો કરી રહ્યા છે.

## અમદાવાદમાં હેવાનિયતની હદ પાર

# પેરાલિસિસથી પીડાતા લાચાર પતિની લાચારીનો ફાયદો ઉઠાવી જેઠે વહુ પર નાખી અશ્લીલ નજર!

અમદાવાદ

જે સંબંધોને આ સમાજમાં પિતાતુલ્ય કે પવિત્ર માનવામાં આવે છે, જ્યારે એ જ સંબંધો વિશ્વાસઘાત કરીને દાનવ બની જાય, ત્યારે એક અબળા સ્ત્રી ન્યાય માટે ક્યાં જાય? ગુજરાતના સંસ્કારી અને મહાનગર ગણાતા અમદાવાદ શહેરમાંથી એક અત્યંત શરમજનક, કાળજું કંપાવનારી અને માનવતાને લજવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદના નરોડા રોડ વિસ્તારમાં રહેતી એક પરિણીતાના જીવનમાં એવો ખૌફનાક વળાંક આવ્યો કે જાણીને કોઈપણની રૂંવાડા ઉભા થઈ જાય. દોઢ વર્ષથી પથારીવશ અને પેરાલિસિસ (પક્ષાઘાત) જેવી ગંભીર બીમારીથી પીડાતા લાચાર પતિની સ્થિતિનો અમાનવીય અને ગંદો ફાયદો ઉઠાવીને તેના પોતાના જ મોટા ભાઈ (જેઠ) દ્વારા નાની વહુ પર અશ્લીલ નજર નાખવામાં આવી હતી અને અવારનવાર શારીરિક સંબંધ બાંધવા માટે ખુલ્લેઆમ દબાણ કરવામાં આવ્યું હતું! પ્રાપ્ત વિગતો અને પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નરોડા રોડ વિસ્તારના એક પરિવારમાં પતિ લાંબા સમયથી પથારીવશ હોવાથી ઘરની સ્થિતિ અત્યંત દયનીય હતી. આ લાચારીનો લાભ લઈને પરિણીતાના જેઠે તેની મર્યાદા લજવીને તેની પર કુદ્રષ્ટિ નાખી હતી. જ્યારે આ હવસખોર જેઠના ત્રાસથી કંટાળીને પરિણીતાએ પરિવારની અન્ય મહિલા એટલે કે જેઠાણી પાસે મદદ માંગી અને ન્યાયની ગુહાર લગાવી, ત્યારે જેઠાણીની પ્રતિક્રિયાએ તો તમામ હદો વટાવી દીધી હતી! જેઠાણીએ પીડિતાને સાથ આપવાને બદલે ઊલટાનું અપશબ્દો બોલીને જો વધારે બોલીશ તો 'તારા હાથ-પગ તોડી નાખીશું' તેવી જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ આપી હતી. એક તરફ બીમાર પતિની સેવા અને બીજી તરફ પરિવારના જ સભ્યો દ્વારા થતી આ માનસિક તથા શારીરિક કનડગતથી પરિણીતા અંદરથી તૂટી ગઈ હતી. સમય જતાં દુર્ભાગ્યવશ પરિણીતાના પેરાલિસિસગ્રસ્ત પતિનું અવસાન થયું હતું. પતિના મૃત્યુ બાદ પણ આ નરાધમોના ત્રાસમાં કોઈ ઘટાડો થયો ન હતો. પરંતુ, હવે આ અબળા સ્ત્રીએ ડર છોડીને હિમ્મત ભેગી કરી હતી અને પોતાના પર થયેલા અન્યાય સામે અવાજ ઉઠાવવાનું નક્કી કર્યું હતું.

### કન્સ્ટ્રક્શન સાઇટ પર જીવલેણ લાપરવાહી: ખટારા પર ચઢીને માલ ચેક કરી રહેલા શ્રમિક યુવાનનું વીજ કરંટથી કમકમાટીભર્યું મોત!

અમદાવાદ

ગુજરાતમાં કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર શ્રમિકોની સલામતીને તાવે મૂકીને ચાલતા બેજવાબદાર કારભારો હવે નિર્દોષ શ્રમિકોના ભોગ લઈ રહ્યા છે. અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કેરાળા ગામની સીમમાં ચાલી રહેલી એક કન્સ્ટ્રક્શન સાઈટ પરથી અત્યંત હૃદયદ્રાવક અને ચકચારી ઘટના સામે આવી છે. સાઈટ પર મટીરિયલ અને માલસામાન ચેક કરવા માટે ખટારા (ટ્રક) ની ઉપર ચઢેલા એક શ્રમિક યુવાન ઉપરથી પસાર થતી હાઈ-ટેન્શન વીજ લાઈનની અડફેટે આવી જતા વીજ કરંટ લાગવાથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, બાવળાના કેરાળા ગામે આવેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર કામકાજ ચાલી રહ્યું હતું. આ દરમિયાન સાઈટ પર આવેલા માલસામાનની ગુણવત્તા કે જથ્થો ચેક કરવા માટે શ્રમિક યુવાનને ટ્રક (ખટારા) ની છત પર ચઢાવવામાં આવ્યો હતો.

# દીકરીને એન્જિનિયરિંગમાં એડમિશનનું કહી ડોક્ટર પાસેથી 15 લાખ રૂપિયા ખંખેર્યા

### વોટ્સએપમાં 50 હજારની રસીદ મોકલી વિશ્વાસ જીત્યો, હૈદરાબાદની હોટેલમાં કોલેજના અધિકારી બની પૈસા પડાવ્યાં

અમદાવાદ

અમદાવાદમાં શહેરમાં દીકરીને એન્જિનિયરિંગમાં એડમિશન અપાવવાનું સપનું જોઈ રહેલા તબીબને વોટ્સએપ પર સંપર્ક કરનારા શખ્સોએ વિશ્વાસમાં લઈને 15.50 લાખ રૂપિયા ખંખેરી લીધા છે. બીટ્સેટમાં ઓછા માર્ક્સ આવ્યા હોવાથી દીકરીનું એડમિશન થઈ શક્યું નહોતું.આ દરમિયાન નિહારીકા શર્મા અને પ્રતિક ગુપ્તાએ સંપર્ક કરીને બીટ્સ પિલાણીમાં વિદેશી વિદ્યાર્થીઓ માટેની ખાલી સીટમાં એડમિશન કરાવી આપવાની વાત કરી હતી. શરૂઆતમાં 16 લાખ રૂપિયા માંગ્યા બાદ 50 હજાર રૂપિયામાં સીટ બુક કરવાની વાત કરી હતી. 50 હજારની



રસીદ મોકલી વિશ્વાસ જીત્યા બાદ દીકરીના દસ્તાવેજો પણ મેળવી લીધા હતા.

ત્યારબાદ હૈદરાબાદની હોટલમાં બે શખ્સોએ પોતાને બીટ્સ પિલાણીની એડમિશન કમિટીના અધિકૃત વ્યક્તિ તરીકે ઓળખાવી એડમિશન થઈ ગયું હોવાનું કહી 15 લાખ રૂપિયા લઈ લીધા હતા. રૂપિયા મળ્યા બાદ તમામના મોબાઈલ બંધ થઈ જતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો છે. શાહીબાગમાં સ્ટેડિયમની બાજુમાં આવેલી ઈસ્કોન રિવર સાઈટ ફ્લેટમાં રહેતા ડો. ગોપાલ ભાટીયા સિવિલ હોસ્પિટલ પાસે અમદાવાદ સાયકિયાટ્રીક ક્લિનિક ધરાવે છે. ગોપાલ ભાટીયા પત્ની મૌસમી અને દીકરી મિત્રા સાથે રહે છે. મિત્રાએ જૂન 2026માં ધોરણ 12ની પરીક્ષા પાસ કરી હતી. ત્યારબાદ એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવા માટે બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ યુનિવર્સિટીની બીટ્સેટ પરીક્ષા આપી હતી. પરંતુ ઓછા માર્ક્સ આવતા તેનું એન્જિનિયરિંગ કોલેજમાં એડમિશન થયું ન હતું. હાલ મિત્રા પંજાબના પટિયાલામાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરે છે.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI